વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર
@dailypulsenews24
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશ.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 09 • Date :- 29-08-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ અંક : ૦૯ તા. ૨૯-૦૮-૨૦૨૫ શુક્રવાર વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- છુટક નકલ : કિંમત રૂા. ૨/- ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

## અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી ભારતીય નિકાસકારો ચિંતિત

**ટેક્સટાઈલ, ચામડું, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ૫૦ ટકા ટેરિફ લાગુ થવાનો છે જેના લીધે નિકાસકારોને મોટાપાયે નુકસાન તેમજ રોજગારીમાં કાપ મૂકાવાની ભીતિ**



વોશિંગ્ટન,

ભારતના નિકાસકારો અમેરિકા દ્વારા આજે ૨૭ ઓગસ્ટથી લાગુ થનારા ૨૫ ટકા ટેરિફના કારણે ચિંતિત છે. ટેક્સટાઈલ, ચામડું, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ૫૦ ટકા ટેરિફ લાગુ થવાનો છે. જેના લીધે નિકાસકારોને મોટાપાયે નુકસાન તેમજ રોજગારીમાં કાપ મૂકાવાની ભીતિ વ્યક્ત થઈ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO)એ અમેરિકાના ટેરિફ વૃદ્ધિને આઘાતજનક ગણાવ્યો છે. FIEO ના રિપોર્ટ અનુસાર, ટેરિફના કારણે ભારતની ૪૭-૪૮ અબજ ડોલરની અમેરિકામાંથી થતી નિકાસ આવકમાં ૩૦-૩૫ ટકાનો ઘટાડો થવાની ભીતિ વ્યક્ત કરી છે. જેના કારણે તેઓ વિયેતનામ, બાંગ્લાદેશ અને ચીનના હરીફો સામે બિનસ્પર્ધાત્મક રહેશે. FIEO ના પ્રમુખ એસ સી રાલ્હને જણાવ્યું હતું કે તિરુપુર, નોઈડા અને સુરત જેવા કાપડ કેન્દ્રોમાં ઉત્પાદન પહેલાંથી જ ઠપ થઈ ગયા છે, જ્યારે મરીનના નિકાસકારો ૪૦% વેચાણ માટે યુએસ પર આધાર રાખે છે, જેને નુકસાન થશે. આ સિવાય ચામડું, સિરામિક્સ, કેમિકલ, હસ્તકલા અને કાર્પેટ ઉદ્યોગને પણ માઠી અસર થશે.રાલ્હને ટેરિફના કારણે સંભવિત નુકસાનમાંથી ઉગરવા માટે નિકાસકારોને વિવિધ રાહતો આપવા ભલામણ કરી છે. જેમાં લોન ચૂકવણી પર એક વર્ષનો મોરેટોરિયમ, વ્યાજમાં ઘટાડો સહિત ક્રેડિટ રાહતો આપવાની જોગવાઈ છે. તેમણે યુરોપિયન યુનિયન, ગલ્ફ દેશો, લેટિન અમેરિકા સાથે મુક્ત વેપાર સંધિને વેગવાન બનાવવા પણ સલાહ આપી છે.ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ દ્વારા જાહેર રિપોર્ટ અનુસાર, ભારતની અમેરિકામાં થતી નિકાસ ચાલુ નાણાકીય વર્ષમાં ૪૩ ટકા ઘટી ૪૯.૬ અબજ ડોલર થવાની શક્યતા છે. જેમાં કાપડ, જ્વેલરી, કારપેટની નિકાસમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો નોંધાશે. નિકાસમાં આ ઘટાડો ભારતના જીડીપી ગ્રોથમાં ૦.૯ ટકાનું નુકસાન કરશે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના ફાઉન્ડર અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ભારતમાંથી અમેરિકા થતી કુલ નિકાસમાંથી ૩૦ ટકા પ્રોડક્ટ્સ હજુ પણ ડ્યુટી ફ્રી કેટેગરીમાં સામેલ છે. જ્યારે ૪ ટકા નિકાસ ૨૫ ટકા ટેરિફનો સામનો કરશે. આ સિવાય ૬૬ ટકા નિકાસ (કપડાં, ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, કારપેટ અને ફર્નિચર પર ૫૦ ટકા ટેરિફ લાગુ થશે. જેમાં સ્પર્ધા ઘટશે. વધુમાં સ્થિતિસ્થાપક સેવાઓની નિકાસ અને વધતી જતી વૈશ્વિક વૈવિધ્યતા ટેરિફના નુકસાનમાં ઘટાડો કરી શકે છે. અમેરિકાના ટેરિફના કારણે નુકસાન થયુ હોવા છતાં ભારતની એકંદર નિકાસ હજુ પણ FY૨૬ માં ૨.૩% વધવાનો અંદાજ છે.

## વનતારા મામલે સુપ્રીમ કોર્ટ એક્શનમાં, SITની કરી રચના




નવીદિલ્હી,

વનતારા' કેસમાં પર્યાવરણીય, વન્યજીવન અને નાણાકીય નિયમોના કથિત ઉલ્લંઘનને ગંભીરતાથી લેતા, સુપ્રીમ કોર્ટે એક ખાસ તપાસ ટીમ (SIT)ની રચના કરવાનો આદેશ આપ્યો છે. આ SIT નું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ જસ્તી ચેલમેશ્વર કરશે. સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ અનેક અરજીઓ અને ફરિયાદોના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં 'વનતારા' પ્રોજેક્ટ સંબંધિત વિવિધ કાનૂની અને નૈતિક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

જસ્ટિસ રાઘવેન્દ્ર સિંહ ચૌહાણ, મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશનર હેમંત નાગરાલે (IPS) અને કસ્ટમ્સ વિભાગના વધારાના કમિશનર RRS અનીશ ગુપ્તાને SIT ટીમના સભ્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. SIT હવે 'વનતારા' સંબંધિત તમામ પાસાઓની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ કરશે, જેથી ખાતરી કરી શકાય કે કોઈ પર્યાવરણીય અથવા નાણાકીય નિયમોનું ઉલ્લંઘન ન થાય અને જવાબદાર પક્ષોને જવાબદાર ઠેરવી શકાય. બીજી તરફ સુપ્રીમ કોર્ટ દ્વારા SIT ની રચના પછી, 'વનતારા' એ પ્રતિક્રિયા આપતા કહ્યું, 'અમે સુપ્રીમ કોર્ટના આદેશનું ખૂબ આદર સાથે સ્વાગત કરીએ છીએ. 'વનતારા' પારદર્શિતા, કરુણા અને કાયદાનું સંપૂર્ણ પાલન કરવા માટે પ્રતિબદ્ધ છે. અમારું મિશન અને ધ્યાન પ્રાણીઓના બચાવ, પુનર્વસન અને સંભાળ પર રહેશે. અમે તપાસ દરમિયાન સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને સંપૂર્ણ સહયોગ આપીશું અને અમારા તમામ પ્રયાસોના કેન્દ્રમાં પ્રાણીઓના કલ્યાણને રાખી પ્રામાણિકતાથી અમારું કાર્ય ચાલુ રાખીશું. અમે વિનંતી કરીએ છીએ કે આ પ્રક્રિયા કોઈપણ અટકળો વિના અને અમે જે પ્રાણીઓની સેવા કરીએ છીએ તેમના શ્રેષ્ઠ હિતમાં થવા દેવામાં આવે.'સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ અનેક અરજીઓ અને ફરિયાદોના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે સુપ્રીમ કોર્ટે ગુજરાતના જામનગરમાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત 'વનતારા' (ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર)ના કેસોની તપાસ માટે SITની રચના કરવાનો આદેશ આપ્યો હતો. SIT એ અન્ય બાબતોની સાથે, હાથીઓના સંપાદનમાં ખાસ કરીને ભારત અને વિદેશમાંથી, વન્યજીવન સંરક્ષણ અધિનિયમ અને અન્ય સંબંધિત કાયદાઓનું પાલન તપાસવું પડશે. ન્યાયાધીશ પંકજ મિથલ અને પ્રસન્ના બી. વરાલેની બેન્ચે એડવોકેટ સીઆર જયા સુકિન દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (PIL)ની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો, જેમાં કેન્દ્રની કામગીરી સામે વ્યાપક આરોપો મૂકવામાં આવ્યા હતા.અરજીઓમાં ઉઠાવવામાં આવેલા આરોપોને લગતા કોઈપણ અન્ય વિષય, મુદ્દા અથવા બાબતને લગતી ફરિયાદો. SIT ને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, CITES મેનેજમેન્ટ ઓથોરિટી સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય અને ગુજરાત રાજ્ય, તેના વન અને પોલીસ વિભાગો સહિત, સંપૂર્ણ સહયોગ આપશે.કોર્ટે સ્પષ્ટ કર્યુ કે આ આદેશને અરજીઓ સ્વીકારવા અથવા વૈધાનિક સત્તાવાળાઓ અથવા "વનતારા" ની કામગીરી પર કોઈ શંકા વ્યક્ત કરવા તરીકે અર્થઘટન ન કરવું જોઈએ. કોર્ટે કહ્યું કે તેણે આરોપોના ગુણદોષ પર કંઈપણ વ્યક્ત કર્યું નથી અને SIT તપાસ ફક્ત એક તથ્ય શોધ કવાયત છે. SIT ને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં તેનો રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### નકલી દવા સિંડિકેટનો પર્દાફાશ થયો

## ચેન્નાઇથી નેપાળ સુધી નકલી દવાઓની સિન્ડીકેટ : રૂ.૪૫૦ કરોડનું ટર્નઓવર



આગ્રા,

આગ્રા : નકલી દવા સિંડિકેટનો પર્દાફાશ થયા પછી અનેક તથ્યો સામે આવ્યા છે. લાંચના એક કરોડ રૂપિયાની સાથે એસટીએફ દ્વારા ધરપકડ કરાયેલા દવાના વેપારી હિમાંશુ અગ્રવાલની પૂછપરછમાં સામે આવ્યું છે કે નકલી દવાની સિંડિકેટ ચેન્નાઈથી નેપાળ સુધી ફેલાયેલી છે. દક્ષિણના એક મોટા દવા માફિયાની સાથે મળી આગ્રાના દવા માફિયા નકલી દવા તૈયાર કરી નેપાળ, બાંગ્લાદેશ સહિત ૧૨ દેશોમાં સપ્લાય કરી રહ્યાં હતાં.

શુક્રવાર રાતે લખનઉની કંપનીના નામે ૧૦ લાખના બિલ પર પુડુચેરીની કંપનીનું ૮૭ લાખ રૂપિયાની નકલી દવાઓ મોકલવામાં આવી હતી. સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને દવા વિભાગની ટીમે ૩.૩૭ કરોડ રૂપિયાની નકલી દવા જપ્ત કરી છે.એસટીએફએ લાંચના એક કરોડ રૂપિયા સાથે દવાના વેપારી હિમાંશુ અગ્રવાલની ધરપકડ કરી લખનઉ સ્થિત એસટીએફ હેડ કવાર્ટસને આગ્રા હોલસેલ દવા બજારમાં મલ્ટીનેશનલ કંપનીઓ સહિત ૬ કંપનીઓના નામે નકલી દવાઓ વેચવાની ફરિયાદ મળી હતી. બે મહિનાથી એસટીએફ અને દવા વિભાગની ટીમ સંપૂર્ણ બિઝનેસ નેટવર્કના તાર શોધવામાં વ્યસ્ત હતી. ટીમને માહિતી મળી હતી કે ચેન્નાઈથી ટ્રેન દ્વારા આવેલ નકલી દવાઓનો જથ્થો રીક્ષાથી બંસલ મેડિકલ અને હે મા મેડિકલ સ્ટોર મોકલવામાં આવી રહી છે. ટીમે રીક્ષાચાલકની પૂછપરછ કરી હતી. ત્યારબાદ બંને મેડિકલ સ્ટોર અને તેના ગોડાઉન સીલ કરી દેવામાં આવ્યા હતાં. શનિવાર સવારે ટીમે હે મા મેડિકોમાંથી મોટા પ્રમાણમાં નકલી દવાઓ પકડી હતી. સંચાલક હિમાંશુ અગ્રવાલે કાર્યવાહી રોકવા માટે એસટીએફને એક કરોડ રૂપિયાની લાંચની ઓફર કરી હતી.

હિમાંશુ અગ્રવાલ બેગમાં ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટોના બંડલ ભરેલી ત્રણ બેગ લઈને બાઈકથી આવી પહોંચ્યો હતો. ટીમે તે જ સમયે તેની ધરપકડ કરી લીધી હતી. મોડી રાત સુધી મશીનથી નોટોની ગણતરી ચાલુ રહી હતી. પૂછપરછ પછી હિમાંશુ અગ્રવાલના ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં દવાઓ પકડવામાં આવી હતી. આસિસ્ટન્ટ ડ્રગ્સ કમિશનરે જણાવ્યું હતું કે સંચાલક હિમાંશુની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે મીનાક્ષી ફાર્મા, પુડુચેરીના ૧૦ લાખ રૂપિયાના બિલની સાથે ચેન્નાઈથી નકલી એલેગ્રા-૧૨૦એમજી આગ્રા કેન્ટ સ્ટેશન પર મોકલવામાં આવી હતી. પુડુચેરીમાં મોટી સંખ્યામાં દવા બનાવવાની ફેકટરી છે જેમાં નકલી દવા બનાવવામાં આવે છે. દક્ષિણના દવા માફિયા રાજા સિંહની સાથે મળી નકલી દવાનો ગેરકાયદે ધંધો કરવાની આશંકા છે. આ દવાઓને ચેન્નાઈથી ટ્રેન દ્વારા આગ્રા સપ્લાય કરવામાં આવે છે. સીલ કરવામાં આવેલ હે મા મેડિકો, બંસલ મેડિકલ અને તેના ગોડાઉનોમાં કરોડોની દવા છે અને અનેક દિવસો સુધી કાર્યવાહી ચાલી શકે છે. એસટીએફના સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૦૨૨માં ગુજરાતમાં પકડાયેલા હવાલા નેટવર્કમાં હિમાંશુનું નામ સામે આવ્યું હતું. આવકવેરા વિભાગની ટીમ પણ તપાસ કરી રહી છે. કમલા નગર રહેવાસી હિમાંશુ અગ્રવાલની કંપની હે મા મેડિકોનું ટર્નઓવર ૪૫૦ કરોડ રૂપિયા છે. મુબારક મહલમાં દુકાન છે અને મોટી કટરામાં અનેક ગોડૌઉન છે. આ ગોડાઉનમાં કરોડો રૂપિયાની દવાઓનો સ્ટોક છે.

### કાયદા મંત્રાલયે જાહેર કર્યું નોટિફિકેશન

## અમદાવાદમાં જન્મેલા જસ્ટિસ વિપુલ પંચોલી સુપ્રીમ કોર્ટના જજ બન્યા

### જસ્ટિસ પંચોલી ઓક્ટોબર ૨૦૩૧મા સીજેઆઈ બની શકે



નવી દિલ્હી,

બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ આલોક અરાધે અને પટના હાઈકોર્ટના જસ્ટિસ વિપુલ પંચોલી સુપ્રીમ કોર્ટના જજ બની ગયા છે. કેન્દ્ર સરકારે બુધવારે બંનેની નિમણૂંકની નોટિફિકેશન જાહેર કરી દીધુ છે. બે દિવસ પહેલા સુપ્રીમ કોર્ટની કોલેજિયમે બંને જજના પ્રમોશનની ભલામણ કરી હતી. તેમાં અમદાવાદમાં જન્મેલા જસ્ટિસ પંચોલી ઓક્ટોબર ૨૦૩૧મા સીજેઆઈ બની શકે છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે એક્સ પર લખ્યું ભારતના બંધારણ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, રાષ્ટ્રપતિએ, ભારતના મુખ્ય ન્યાયાધીશ સાથે પરામર્શ કર્યા પછી, (i) ન્યાયાધીશ આલોક આરાધે, મુખ્ય ન્યાયાધીશ, બોમ્બે હાઈકોર્ટ અને (ii) ન્યાયાધીશ વિપુલ મનુભાઈ પંચોલીને, મુખ્ય ન્યાયાધીશ, પટણા હાઈકોર્ટ, ને ભારતના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરે છે. જસ્ટિસ વિપુલ પંચોલીનો જન્મ ૨૮ મે ૧૯૬૮ ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે ગુજરાત યુનિવર્સિટીના અમદાવાદ સ્થિત સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી સાયન્સ (ઈલેક્ટ્રોનિક્સ) માં સ્નાતકની ડિગ્રી અને ગુજરાત યુનિવર્સિટીના અમદાવાદ સ્થિત સર એલ.એ. શાહ લો કોલેજમાંથી કોમર્શિયલ ગ્રુપમાં કાયદામાં માસ્ટર ડિગ્રી મેળવી. સપ્ટેમ્બર ૧૯૯૧ માં તેઓ બારમાં આવ્યા અને ગુજરાત હાઈકોર્ટમાં વકીલ તરીકે પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યુ. ત્યારબાદ, તેમને ગુજરાત હાઈકોર્ટમાં સહાયક સરકારી વકીલ અને વધારાના સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને માર્ચ ૨૦૦૬ સુધી સાત વર્ષ સુધી આ પદ પર સેવા આપી. પટણા હાઈકોર્ટની વેબસાઈટ અનુસાર, તેમણે ૨૪ જુલાઈ, ૨૦૨૩ ના રોજ પટણા હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા અને ૨૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ પટણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા. જસ્ટિસ આલોક અરાધેનો જન્મ ૧૩ એપ્રિલ ૧૯૬૪ના થયો હતો. તેઓ અત્યારે બોમ્બે હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ છે. આ પહેલા તેલંગણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂક્યા છે. તો કર્ણાટક હાઈકોર્ટ, જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટ અને મધ્ય પ્રદેશ હાઈકોર્ટમાં પણ જસ્ટિસ તરીકે કામ કર્યુ છે. તેમનો જન્મ રાયપુર (તે સમયે મધ્યપ્રદેશ) માં ૧૯૬૪મા થયો હતો. બીએસસી અને એલએલબી કર્યા બાદ તેમણે ૧૯૮૮મા મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેઓ સિવિલ, બંધારણીય, મધ્યસ્તા અને કંપની મામલામાં નિષ્ણાંત છે. બાદમાં ૨૦૦૭મા તેમની નિમણૂંક વરિષ્ઠ વકીલ તરીકે થઈ હતી.

### પીએમ શિગેરુ ઈશિબા સાથે યોજશે શિખર બેઠક

## PM Modi ૨૯ અને ૩૦ ઓગષ્ટે કરશે જાપાન પ્રવાસ

નવીદિલ્હી,

પીએમ મોદી આવતા અઠવાડિયે ચીન પહેલા જાપાનની મુલાકાત લેશે. ૨૯ અને ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ બે દિવસના પ્રવાસે તેઓ જાપાન યાત્રાએ જશે.

આ તેમની જાપાનની આઠમી મુલાકાત હશે. પીએમ મોદીની જાપાનના પીએમ શિગેરુ ઈશિબા સાથેની તેમની પ્રથમ શિખર બેઠક હશે.આ મુલાકાતમાં પીએમ મોદી અને શિગેરુ ઈશિબા ભારત અને જાપાન વચ્ચે વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા કરશે. આ સમીક્ષામાં સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને અર્થતંત્ર, ટેકનોલોજી અને નવીનતા, તેમજ મુખ્ય ક્ષેત્રોને આવરી લેવાશે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે. આમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સ્થિરતા અને નિયમો-આધારિત વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. તેઓ ૧૫મી ભારત-જાપાન વાર્ષિક સમિટમાં હાજરી આપશે. બંને દેશો વચ્ચે ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની આ એક મહત્વપૂર્ણ તક હશે. અને ત્યાર બાદ તેઓ ચીનની મુલાકાત લેશે. પીએમ મોદી અને ઈશિબા વચ્ચેની મુલાકાત મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તે જાપાનની ઈ૧૦ શિંકનસેન ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી દ્વારા પ્રાયોજિત છે અને ભારતની 'મેક ઈન ઈન્ડિયા' પહેલને પ્રોત્સાહન આપશે. બંને નેતાઓ ટેકનોલોજી ટ્રાન્સફર અને સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન જેવા ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા પર પણ વિચાર કરશે.પીએમ મોદી જાપાનના મિયાગી પ્રાંતની પણ મુલાકાત લેશે. જ્યાં તેઓ ઈશિબા સાથે વર્કિંગ ડિનરમાં હાજરી આપશે. આ મુલાકાત ભારત અને જાપાન વચ્ચે વિશ્વાસ અને પરસ્પર આદરને વધુ મજબૂત બનાવશે. બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ પહેલાથી જ ગાઢ છે. જાપાન ૨૦૦૦-૨૦૨૪ દરમિયાન ભારતમાં $૪૧.૯૧ બિલિયનનું રોકાણ કરી રહ્યું છે. આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જશે એટલું જ નહીં. પરંતુ પ્રાદેશિક સ્થિરતા અને વૈશ્વિક શાંતિ માટે પણ મહત્વપૂર્ણ રહેશે.

## બોમ્બે HCમાં જજ માટે CJIના ભત્રીજાના નામની ભલામણ કરાઈ

નવી દિલ્હી,

બોમ્બે હાઈકોર્ટમાં જજીસની નિમણૂક માટેની સુપ્રીમ કોર્ટની કોલેજિયમની તાજેતરની ભલામણ માં ૧૪ નામોનો સમાવેશ કરાયો છે. જેમાં રાજ દામોદર વાકોડેના નામે સૌનું ધ્યાન ખેંચ્યું છે. સૂત્રોના જણાવ્યાં અનુસાર, સીજેઆઈ ગવઈએ કોલેજીયમની નામ ભલામણ કરવાની પ્રક્રિયામાં ભાગ લીધો નહોતો રાજ વાકોડે એ સુપ્રીમ કોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ ભૂષણ આર. ગવઈનો ભત્રીજો છે. જોકે સુપ્રીમ કોર્ટમાં આવા નામોની ભલામણો પહેલી વાર થઈ હોય તેવું નથી. અગાઉ પણ આવા ઉદાહરણો જોવા મળ્યાં છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦થી ૧૫ મે, ૨૦૨૫ સુધીમાં જજ તરીકે ભલામણ કરાયેલાં ૨૭૯ પૈકીના ૩૨ જજ પારિવારિક સંબંધોથી જોડાયેલાં હોવાનું એક વિશ્લેષણમાં જણાવાયું છે. કાકા- ભત્રીજા બંને જજ હોય તેવું એક જાણીતું ઉદાહરણ ભારતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને તેમના ભત્રીજા એચ.આર. ખન્નાનું છે. સૂત્રોના જણાવ્યાં અનુસાર, સીજેઆઈ ગવઈએ કોલેજીયમની નામ ભલામણ કરવાની પ્રક્રિયામાં ભાગ લીધો નહોતો. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, ઉમેદવારે તેમની અરજીમાં તથા હાઈકોર્ટની દરખાસ્તમાં પણ સીજેઆઈ ગવઈ સાથેના તેમના સંબંધોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હતો.

તંત્રી લેખ

# લુચ્ચા ચીનની ગોપનીયતા

ગઈકાલે ચીનમાં પ્રચલિત એક ટેલિગ્રામ ચેનલ પર સ્ત્રીઓના સંખ્યાબંધ પ્રાઈવેટ ફોટોગ્રાફ લિક થઈ ગયા છે એનાથી ઊહાપોહ મચી ગયો છે. માત્ર કોમર્સમાં ધ્યાન આપતા આ સામ્યવાદી દેશનું સામાજિક જીવન આમ પણ ઘણા વરસોથી ઠેબે ચડેલું છે. દુનિયામાં જેટલા પણ મહત્ત્વના દેશો છે, તેનું શાસન લગભગ વન મેન શો કક્ષાના રાજનેતાઓ ભોગવે છે. વિરાટ દેશોના સંચાલન અને વ્યવસ્થાપન માટે જે પ્રકારના ટીમ નેતૃત્વની પરંપરા હતી તે હવે લુપ્તપ્રાયઃ દેખાય છે. એને કારણે એક જ વ્યક્તિ પર બધા જ નિર્ણયો લેવાનો ભાર આવે છે. એટલે એમાં ઉતાવળ કે ખોટા નિર્ણયો લેવાઈ જવાની સંભાવના વધી જાય છે. ભારત, રશિયા, ચીન, અમેરિકા સહિતના તમામ મહત્ત્વના દેશોના નેતાઓની આ પરિસ્થિતિ છે. ચીન પાસે એનો પોતાનો ટોચનો પીપલ્સ પાર્ટીનો નેતૃત્વ સમુદાય છે, પરંતુ એની ભૂમિકા બહુ મર્યાદિત છે. ભારત પાસે દ્વિસ્તરીય પ્રધાનમંડળ છે. ઉપરાંત રાષ્ટ્રપતિ ભવન અને સર્વોચ્ચ અદાલત પણ ભૂલ સુધારણા અને માર્ગદર્શન માટે તત્પર હોય છે. એ તત્પરતા ક્યારેક ઠપકા સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. તેમ છતાં સમગ્ર રાષ્ટ્રના વ્યાવહારિક સંચાલનમાં અને નીતિમત્તાઓના ઘડતરમાં રાષ્ટ્રપતિ ભવન અને અદાલતની ભૂમિકા મર્યાદિત છે.ચીનમાં જિનપિંગ એકહથ્થુ સત્તા ભોગવે છે. તેમને રોકવા માટે પોલિટ બ્યુરો છે અને સેનેટ છે. ચીની પ્રેસિડેન્ટને બેકાબૂ બનતા રોકવા માટે ત્યાંની સામ્યવાદી પાર્ટી કટોકટીમાં પગલાં લઈ શકે છે. જિનપિંગ ભલભલા ખંધા રાજકારણીને પછાડવાની ચતુરાઈ ધરાવે છે. જિનપિંગ દેશને કંપનીની જેમ ચલાવવા ઈચ્છે છે. વર્ષો સુધી તેની વિદેશનીતિમાં પણ પ્રેસિડેન્ટ કરતા એક બિઝનેસમેનના વલણ વધુ જોવામાં આવ્યા છે. દેશને ચલાવવાની તેની પદ્ધતિ ઘણે અંશે નિષ્ફળ પુરવાર થઈ છે. તેનો અંગત અભિગમ અને પોતાના વિરોધીઓના અપમાનપૂર્વક હોઠ બંધ કરી દેવાની શૈલીએ એક સમયે તેને બહુ લોકપ્રિયતા અપાવી પણ હવે તેને તેની આ કાર્યપદ્ધતિ ભારે પડી રહી છે. તેના આ જ અભિગમને કારણે ચીન બેખબર રહ્યું. અને કોરોનાની નવી લહેર આવી પહોંચી. જેમ બેજવાબદારોનો આદર્શ બની ચૂકેલા ડોનાલ્ડ ટ્રમ્પના જુઠાણાઓનો હિસાબ રાખવા માટે સુપરકમ્પ્યુટર પણ નાનું પડતું હતું એમ જિનપિંગની સતત ગાફેલ રહેવાની વૃત્તિ અને પોતાની ભૂલોને સરકારી સાધનોના ભોગે પણ ઢાંકપિછોડો કરવાની વૃત્તિ આજે આખા ચીનને ભારે પડી રહી છે. આજે ચીનમાં કોરોનાનો પાંચમો વેવ ચાલુ થઈ ગયો છે. તેના માટે કોઈ એક જ વ્યક્તિને જવાબદાર ગણવી હોય તો તે ખુદ ચીની પ્રેસિડેન્ટ છે. વિશ્વ મીડિયા સમક્ષ ખડકેલા તેના જુઠાણાના પહાડની ઊંચાઈ એવરેસ્ટને આંબી ગઈ છે. મલ્ટી નેશનલ કંપની જેવી ઘણી કંપનીઓનું કામ ચાલુ કોરોનાએ રહેમરાહ હેઠળ ચાલુ રહ્યું છે. તેને કારણે કોરોનાના પોઝિટિવ કેસ ગુણકારની ઝડપે વધ્યા. હવે ગયા અઠવાડિયે થોડી છૂટછાટ અપાતા ફરીથી કેસોની સંખ્યા વધવા લાગી છે.ચીની પ્રેસિડેન્ટને બેકાબૂ બનતા રોકવા માટે ત્યાંની સામ્યવાદી પાર્ટી કટોકટીમાં પગલાં લઈ શકે છે. જિનપિંગ ભલભલા ખંધા રાજકારણીને પછાડવાની ચતુરાઈ ધરાવે છે. જિનપિંગ દેશને કંપનીની જેમ ચલાવવા ઈચ્છે છે. વર્ષો સુધી તેની વિદેશનીતિમાં પણ પ્રેસિડેન્ટ કરતા એક બિઝનેસમેનના વલણ વધુ જોવામાં આવ્યા છે. દેશને ચલાવવાની તેની પદ્ધતિ ઘણે અંશે નિષ્ફળ પુરવાર થઈ છે. તેનો અંગત અભિગમ અને પોતાના વિરોધીઓના અપમાનપૂર્વક હોઠ બંધ કરી દેવાની શૈલીએ એક સમયે તેને બહુ લોકપ્રિયતા અપાવી પણ હવે તેને તેની આ કાર્યપદ્ધતિ ભારે પડી રહી છે. તેના આ જ અભિગમને કારણે ચીન બેખબર રહ્યું. અને કોરોનાની નવી લહેર આવી પહોંચી. જિનપિંગે હમણાં એવું વિધાન પણ કર્યું કે કોરોનાની વેકસીનના લાખો ડોઝ તૈયાર છે. પણ કોઈને આ વાત પર ભરોસો નથી. ચીનમાં વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા છે. સેંકડો યુનિવર્સીટીઓ બંધ થવાના આરે છે. શિક્ષણને કોરોના ઉધઈની જેમ કોતરી રહ્યું છે. આવા બીજા અનેક અઘરા પડકારોને પડતા મૂકીને જિનપિંગ સ્વપ્રશસ્તિમાં લાગ્યા છે. ચાલુ વેવ પૂરો થાય એની પહેલા જો ચીની સરકારી તંત્ર લોકમદદે નહીં આવે તો ત્યાં કેસોની સંખ્યા હદ વટાવીને વધશે. એક માણસનો અહંકાર આખા દેશને લઈ ડૂબશે. ચીનના વિવિધ પ્રાંતોએ જાહેરમાં સ્વીકાર્યું કે ફક્ત નામ પૂરતા રહેલા લોકડાઉનમાં થોડી પણ કાયદેસર છૂટ આપવામાં આવશે તો પોઝિટિવ કેસોની સંખ્યા આસમાન તરફ ગતિ કરવા લાગશે. વર્ષો સુધી તેની વિદેશનીતિમાં પણ પ્રેસિડેન્ટ કરતા એક બિઝનેસમેનના વલણ વધુ જોવામાં આવ્યા છે. દેશને ચલાવવાની તેની પદ્ધતિ ઘણે અંશે નિષ્ફળ પુરવાર થઈ છે. તેનો અંગત અભિગમ અને પોતાના વિરોધીઓના અપમાનપૂર્વક હોઠ બંધ કરી દેવાની શૈલીએ એક સમયે તેને બહુ લોકપ્રિયતા અપાવી પણ હવે તેને તેની આ કાર્યપદ્ધતિ ભારે પડી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે સત્તા પર હતા ત્યારે અમેરિકામાં દસ ચોરસ કિલોમીટરનો એવો વિસ્તાર શોધવો પણ મુશ્કેલ તો જ્યાં કોરોનાનો એક પોઝિટિવ કેસ ન હોય. બેદરકાર અને અભિમાની ટ્રમ્પના પ્રતાપે કોરોના વાયરસે વાયુવેગે ગતિ કરી હતી. હાલ જિનપિંગ પોતાની અમરપટ્ટો લખાવેલી સત્તાનો કમરપટ્ટો બાંધીને અભિમાનમાં ફરે છે અને કોરોનાના કેસો ફૂંફાડા મારતા આગળ વધી રહ્યા છે. છતાં ગોપનીયતાની પરાકાષ્ઠા એ છે કે દરદીઓની સેવામાં ઓછું અને કેસની સંખ્યા જાહેર ન થાય એમાં વધુ ધ્યાન આપવામાં આવે છે. ચીનની આ લુચ્ચાઈમાં લાખો ચીનાઓ ડૂબી મરશે એમાં કોઈ શંકા નથી.

### અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ સંપૂર્ણપણે ખોટો નિર્ણય

# જ્યાંથી સારી ડીલ મળે ત્યાંથી પેટ્રોલિયમ ખરીદીશું : ભારતનો ટ્રમ્પને જવાબ

## ભારત અને રશિયા વચ્ચેનો વેપાર પરસ્પર સમજણ અને બંને બાજુના લોકોની સામાન્ય લાગણીઓ પર આધારિત છે



નવી દિલ્હી,

ભારતમાં ક્રૂડ ઓઈલના વપરાશ હાલમાં વિશ્વમાં સૌથી મોટો ચર્ચાનો મુદ્દો છે. જ્યારે ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર અમેરિકાએ નારાજગી વ્યક્ત કરી રહ્યું છે. હવે ભારતે પણ સ્પષ્ટ કર્યું છે કે, ક્યાંથી ક્રૂડ ઓઈલ ખરીદશું તે અમારા પર નિર્ભર છે. રશિયામાં ભારતના રાજદૂત વિનય કુમારે કહ્યું કે, 'ભારતીય કંપનીઓ જ્યાંથી પણ વધુ સારી ડીલ મળશે ત્યાંથી ક્રૂડ ઓઈલ ખરીદીશું.'એક મીડિયા ઈન્ટરવ્યુમાં ભારતીય વિનયે કુમારે કહ્યું 'ભારત ૧.૪ અબજ લોકોના હિતોનું સંપૂર્ણ ધ્યાન રાખશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ પછી પણ સરકાર ભારતીયોના હિતોની સેવા કરવાથી પાછળ હટશે નહીં અને હંમેશા રાષ્ટ્રીય હિતને પ્રાથમિકતા આપશે.'ભારત સરકારના વલણને સ્પષ્ટ કરતા વિનયે કુમારે કહ્યું, 'ભારત સરકારે સ્પષ્ટપણે કહ્યું છે કે અમારું લક્ષ્ય ભારતના ૧.૪ અબજ લોકોની ઉર્જા જરૂરિયાતોનું ધ્યાન રાખવાનું છે. આપણે રશિયા અને અન્ય ઘણાં દેશો સાથે મળીને વૈશ્વિક ક્રૂડ બજારમાં સ્થિરતા લાવવામાં મદદ કરવી પડશે. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ સંપૂર્ણપણે અન્યાયી, ગેરવાજબી અને ખોટો નિર્ણય છે. અમારી સરકાર રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં હોય તેવું કોઈપણ પગલું ભરવામાં અચકાશે નહીં.'ભારતીય રાજદૂત વિનય કુમારે કહ્યું કે 'દુનિયામાં કોઈપણ વેપાર સારી ડીલ અને આર્થિક પરિસ્થિતિઓ પર આધારિત હોય છે. તેથી વધુ સારી ડીલ અને આયાતની દ્રષ્ટિએ જે યોગ્ય હશે તે કરવામાં આવી રહ્યું છે. ભારતીય ક્રૂડ કંપનીઓ જ્યાંથી પણ સારી ડીલ મળી રહી છે, ત્યાંથી ખરીદી કરવાનું ચાલુ રાખશે. આ વર્તમાન પરિસ્થિતિ છે. ભારત અને રશિયા વચ્ચેનો વેપાર પરસ્પર સમજણ અને બંને બાજુના લોકોની સામાન્ય લાગણીઓ પર આધારિત છે. આ બંને દેશોના ભલા માટે છે અને તે બજારથી સંપૂર્ણપણે ઉપર પણ છે.'ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ ભારતનું વલણ સ્પષ્ટ કર્યું હતું અને કહ્યું હતું કે, 'અમે અમારી વેપાર નીતિ, ખેડૂતોના હિતો અને સાર્વભૌમત્ત્વ પર કોઈપણ સમાધાન સ્વીકારીશું નહીં. સરકાર આ હિતોને પૂર્ણ કરવા માટે જે કંઈ કરવું પડશે તે કરશે.'

### 'હું તાનાશાહ નથી, સમજદાર છું,' ટ્રમ્પે વિરોધીઓ પર કટાક્ષ કર્યો

# અમેરિકામાં વિરોધ બાદ વોશિંગ્ટન-શિકાગો પર નેશનલ ગાર્ડ્સનું નિયંત્રણ



નવી દિલ્હી,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વોશિંગ્ટનમાં નેશનલ ગાર્ડ તૈનાત કર્યા છે અને તેના બચાવમાં કહ્યું છે કે, 'હું ગુનાઓ પર અંકુશ લગાવવા માંગું છું. તેમણે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા એક ખાસ યુનિટ બનાવવાનો આદેશ આપ્યો છે. ડેમોક્રેટ્સ આ પગલાને તાનાશાહી કહી રહ્યા છે, જેના પર ટ્રમ્પે 'હું તાનાશાહ નથી' કહીને પોતાનો બચાવ કર્યો છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે. તેમણે વોશિંગ્ટનમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કર્યા છે અને હવે શિકાગોને પણ પોતાના નિયંત્રણમાં લેવાની યોજના બનાવી રહ્યા છે. આ દરમિયાન, તેમણે એક ફેડરલ ગવર્નરને પણ બરતરફ કર્યા છે. તેમના વિરોધીઓ આ પગલાંને 'તાનાશાહી' ગણાવી રહ્યા છે. જેના જવાબમાં ટ્રમ્પે કહ્યું, 'હું તાનાશાહ નથી.'ડોનાલ્ડ ટ્રમ્પે વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ તૈનાત કર્યા. તેમણે કહ્યું કે, 'ગુનાઓ પર નિયંત્રણ માટે આ જરૂરી છે અને જરૂર પડ્યે અન્ય શહેરોમાં પણ તૈનાત કરવામાં આવશે.' આ નિર્ણય ત્યારે આવ્યો છે જ્યારે થોડા સમય પહેલા જ એક સર્વેમાં ઘણા અમેરિકનોએ તેમને 'ખતરનાક તાનાશાહ' કહ્યા હતા. વોશિંગ્ટનમાં ગુનાખોરી વધતા તેમણે 'ક્રાઈમ ઈમરજન્સી' જાહેર કરી છે.ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કરીને સંરક્ષણ સચિવ પીટ હેગસેથને એક ખાસ નેશનલ ગાર્ડ યુનિટ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. આ યુનિટ વોશિંગ્ટનમાં જાહેર સુરક્ષા જાળવશે અને તેના સભ્યોને ફેડરલ કાયદાઓ લાગુ કરવાની સત્તા પણ અપાશે. આ યુનિટને સમગ્ર દેશમાં ઝડપી તૈનાતી માટે પણ તૈયાર રખાશે.ઓર્ડર પસાર કર્યા બાદ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં વિરોધીઓની મજાક ઉડાવતા કહ્યું, 'તેઓ મને તાનાશાહ કહે છે, પણ હું તાનાશાહ નથી. હું સમજદાર અને કોમન સેન્સ ધરાવતો માણસ છું.' તેમણે એવું પણ જણાવ્યું કે તેઓ હવે શિકાગોમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરી શકે છે.ડેમોક્રેટ નેતાઓએ ટ્રમ્પના તાજેતરના પગલાને તાનાશાહી ગણાવીને આરોપ લગાવ્યો છે.

કે તેઓ ઘટતી લોકપ્રિયતા પરથી ધ્યાન હટાવવા માટે શહેરોનું લશ્કરીકરણ કરી રહ્યા છે. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂઝમે પણ આ પગલાને અમેરિકન શહેરો પરનો તાનાશાહી કબજો ગણાવ્યો. આ ઉપરાંત, ટ્રમ્પે ફેડરલ રિઝર્વના સભ્ય લીઝા ડી. કૂકને છેતરપિંડીના આરોપોને કારણે રાજીનામું ન આપવા બદલ બરતરફ કરવાની ધમકી આપીને તેમને પદ પરથી હટાવ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે ભારત વિરુદ્ધ વધારાના ૨૫% ટેરિફનું નોટિફિકેશન પણ જાહેર કરી દીધું છે અને ચીનને બર્બાદ કરી દેવા જેવા નિવેદનો પણ આપ્યા છે. પરિસ્થિતિ એવી છે કે ટ્રમ્પના ટેરિફ લાદવાને કારણે અમેરિકનો પર જ ખરીદીનો બોજ વધી રહ્યો છે. એટલે કે, અન્ય દેશોમાંથી આયાત થતી ચીજવસ્તુઓ અમેરિકામાં મોંઘા ભાવે વેચાઈ રહી છે. આમ, તેમના 'ટેરિફ ટેરર'થી અન્ય દેશોને તો નુકસાન થઈ જ રહ્યું છે, સાથે સાથે અમેરિકાના લોકોને પણ તેની કિંમત ચૂકવવી પડી રહી છે. ડેમોક્રેટ્સ અને નિષ્ણાતો ટ્રમ્પના ટેરિફ પ્લાનનો પણ વિરોધ કરી રહ્યા છે.

### ફેમિલીએ કહ્યું સુસાઈડ માટે પ્રેરણા આપે છે AI

# ચેટજીપીટી સાથે વાત બાદ ૧૬ વર્ષના બાળકનું સુસાઇડ



સેન ફ્રાન્સિસ્કો,

ચેટજીપીટી સાથે મહિનાઓ સુધી વાત કર્યા બાદ ૧૬ વર્ષના એક બાળકે સુસાઇડ કર્યું છે. તેની ફેમિલી દ્વારા OpenAI અને CEO સેમ ઓલ્ટમેન પર કેસ કરવામાં આવ્યો છે. સેન ફ્રાન્સિસ્કોની કોર્ટમાં આ કેસ ફાઈલ કરવામાં આવ્યો છે અને ફેમિલી દ્વારા જણાવવામાં આવ્યું છે કે ચેટજીપીટી ખાસ કરીને GPT-4o વર્ઝનને જવાબદાર ગણવામાં આવ્યું છે. ફેમિલી દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમના બાળકને ચેટજીપીટી દ્વારા પોતાને નુકસાન પહોંચાડવા માટે પ્રેરિત કરવામાં આવ્યો હતો. તેમ જ પોતાને નુકસાન પહોંચાડવા માટેની તમામ માહિતી પણ આપવામાં આવી હતી કે કેવી રીતે કરવું. ૨૦૨૫ની ૧૧ એપ્રિલે ૧૬ વર્ષના એડમ રાઈનેએ સુસાઇડ કર્યું હતું. સુસાઇડ કરવા પહેલાં તેણે મહિનાઓ સુધી ચેટજીપીટી સાથે વાત કરી હતી. આ કેસ મુજબ ચેટજીપીટીએ તેને સુસાઇડ કરતાં અટકાવવાની જગ્યાએ તેના પ્લાનને યોગ્ય પણ જણાવ્યો હતો. તેમ જ તેના પેરન્ટ્સના કેબિનેટમાંથી દારૂ કેવી રીતે ચોરી કરવો વગેરે જેવી આઈડિયા પણ આપવામાં આવી હતી. આ સાથે જ નિષ્ફળ પ્રયાસોને કેવી રીતે સંતાડવા અને સુસાઇડ નોટ કેવી રીતે લખવી વગેરે જેવી સલાહ પણ આપવામાં આવી હતી.એડમ રાઈનેની ફેમિલીનું કહેવું છે કે OpenAI તેમના રેપિડ ગ્રોથ પર ધ્યાન આપી રહી છે નહીં કે લોકોની સેફ્ટી પર. તેમણે એ પણ આરોપ મૂક્યો છે કે OpenAIએ જાણી જોઈને GPT-4o મે મહિનામાં લોન્ચ કર્યું હતું. આ મોડલ મનુષ્ય જેવી સંવેદના દેખાડે છે અને ભૂતકાળની વાતોને પણ યાદ રાખે છે. આથી વ્યક્તિ તેમના પર ડિપેન્ડન્ટ બની જાય છે. ફેમિલી દ્વારા તેમના કેસમાં કહેવામાં આવ્યું છે કે 'કંપનીના આ નિર્ણયનું બે રિઝલ્ટ આવ્યું છે. પહેલું ૮૬ બિલિયન ડોલરની કંપની હવે ૩૦૦ બિલિયન ડોલરની બની ગઈ છે. બીજું પરિણામ એડમ રાઈનેએ સુસાઇડ કર્યું છે.'

આ ફેમિલી દ્વારા કંપની પાસે પૈસાની ડિમાન્ડ કરવાની સાથે ચેટજીપીટીમાં સિસ્ટમેટિક બદલાવ કરવાની પણ માગ કરવામાં આવી છે. આ માટે યુઝર્સની ઉંમરને ફરજિયાત વેરિફાઇ કરવી. આ સાથે જ પોતાની જાતને નુકસાન કરવામાં આવે એ તમામ સવાલોના જવાબ આપવાનું ટાળે. યુઝર જ્યારે ચેટજીપીટી પર નિર્ભર થવા માડે ત્યારે તેમને વોર્નિંગ આપવાની શરૂ કરી દે. આ બદલાવથી કોઈ પણ યુઝર્સની લાઈફને બચાવી શકાશે એવું ફેમિલીનું માનવું છે. એડમના સુસાઇડને લઈને OpenAI દ્વારા દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું છે. ચેટજીપીટીનું કહેવું છે કે તેમના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલમાં ક્રાઈસિસ હેલ્પલાઈન નંબર પણ આપવામાં આવ્યો છે. આથી ચેટજીપીટી યુઝર્સ એનો પણ ઉપયોગ કરી શકે છે. આ વિશે કંપનીના પ્રવક્તાએ કહ્યું કે 'OpenAIમાં ક્રાઈસિસ હેલ્પલાઈન છે, પરંતુ અમે એક વાત નોટિસ કરી છે કે લાંબી ચેટ અથવા તો ખૂબ જ ઈમોશનલ વાતચીત થઈ રહી હોય ત્યારે આ ફંક્શન કામ નથી કરતું.' OpenAI દ્વારા હાલમાં જ નવો સેફ્ટી પ્રોટોકોલ લોન્ચ કરવામાં આવી રહ્યો છે. એમાં હવે પેરન્ટલ કન્ટ્રોલનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. આ સાથે જ યુઝર્સ પ્રોફેશનલ મેન્ટલ હેલ્થ પ્રોફેશનલની પણ સર્વિસનો ઉપયોગ કરી શકે એ પણ ધ્યાનમાં રાખવામાં આવશે.આથી વ્યક્તિ તેમના પર ડિપેન્ડન્ટ બની જાય છે. ફેમિલી દ્વારા તેમના કેસમાં કહેવામાં આવ્યું છે કે 'કંપનીના આ નિર્ણયનું બે રિઝલ્ટ આવ્યું છે. પહેલું ૮૬ બિલિયન ડોલરની કંપની હવે ૩૦૦ બિલિયન ડોલરની બની ગઈ છે. બીજું પરિણામ એડમ રાઈનેએ સુસાઇડ કર્યું છે.' આ ફેમિલી દ્વારા કંપની પાસે પૈસાની ડિમાન્ડ કરવાની સાથે ચેટજીપીટીમાં સિસ્ટમેટિક બદલાવ કરવાની પણ માગ કરવામાં આવી છે. આ માટે યુઝર્સની ઉંમરને ફરજિયાત વેરિફાઇ કરવી. આ સાથે જ પોતાની જાતને નુકસાન કરવામાં આવે એ તમામ સવાલોના જવાબ આપવાનું ટાળે. યુઝર જ્યારે ચેટજીપીટી પર નિર્ભર થવા માડે ત્યારે તેમને વોર્નિંગ આપવાની શરૂ કરી દે. આ બદલાવથી કોઈ પણ યુઝર્સની લાઈફને બચાવી શકાશે એવું ફેમિલીનું માનવું છે. એડમના સુસાઇડને લઈને OpenAI દ્વારા દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું છે. કંપની પહેલેથી કહેતી આવી છે કે ચેટજીપીટી પર ઈમોશનલી નિર્ભર નહીં રહેવું. સેમ ઓલ્ટમેન દ્વારા ઘણી વાર કહેવામાં આવ્યું છે કે યુઝરે તેમની અંગત માહિતી શેર કરવાથી દૂર રહેવું જોઈએ. જોકે એમ છતાં યુઝર્સ શેર કરી રહ્યાં છે. એડમ રાઈનેના મૃત્યુથી એક વાત ચોક્કસ છે કે ચેટજીપીટીની સાથે વધુ પડતી વાત શેર કરવાથી નુકસાન યુઝર્સને જ છે. એડમનો કેસ પહેલો છે, પરંતુ એ આખરી નહીં હોય.

# ડોનાલ્ડ ટ્રમ્પને મગજની ગંભીર બીમારીના લક્ષણો જણાયા

વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તબિયત સતત લથડી રહી હોવાનું અને તેઓ તેને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો દાવો બે મનોવૈજ્ઞાનિકોએ કર્યો છે. ટ્રમ્પની બીમારીના લક્ષણો દિવસે ને દિવસે કથળતા જોવા મળી રહ્યા છે અને ટ્રમ્પને મગજની ગંભીર બીમારી હોવાનું માનવામાં આવે છે. યુએસ પ્રમુખના સાયકોમોટર પર્ફોર્મન્સમાં પણ ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત તેમની યાદશક્તિ પણ ક્ષીણ થઈ રહી હોવાના ગંભીર લક્ષણો સામે આવ્યા છે. ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ્સ ડો. હેરી સેગલ અને ડો. જ્હોન ગાર્ટનરે ૭૯ વર્ષીય ટ્રમ્પનું અવલોકન કર્યું હતું જેમાં તેમને યુએસ પ્રમુખમાં ડિમેન્શિયા (ચિત્તભ્રંશ)ના સ્પષ્ટ લક્ષણો જણાયા હતા. ટ્રમ્પના હાથ પર એક કાળો ડાઘ પણ જણાય છે જેને તેઓ છૂપાવવાનો સતત પ્રયાસ કરતા જણાય છેઆ બંને માનસ શાસ્ત્રીઓએ ટ્રમ્પના શરીર અને મનની અસરકારક સંકલન ક્ષમતામાં (સાઈકોમોટર ફંકશન) ઘટાડો નોંધ્યો હતો. તાજેતરમાં શ્રિન્કિંગ ટ્રમ્પ કાર્યક્રમમાં ગાર્ટનરે જણાવ્યું કે, ટ્રમ્પ ના મોટર પર્ફોર્મન્સમાં ઘટાડો નોંધાયો છે. આનો સંદર્ભ ચિત્તભ્રંશ સાથે પણ છે કારણ કે તેનાથી શરીરની બધી જ કાર્યક્ષમતા બગડે છે. ટ્રમ્પના હાથ પર એક કાળો ડાઘ પણ જણાય છે જેને તેઓ છૂપાવવાનો સતત પ્રયાસ કરતા જણાય છે. જાહેરમાં તેમનો વ્યવહાર, ભાષા અને બોલવામાં તકલીફ જેવા ચિહ્નો પ્રથમ સંકેત હતો. ગાર્ટનરે

### નાનકડાં વિમાનમાં બે વ્યક્તિએ પોતાના શ્વાનની સાથે ઉડાન ભરી હતી

# ઓસ્ટ્રેલિયામાં ૨૨ દિવસ પહેલા ઉડેલું ચાર્ટર્ડ પ્લેન લાપતા થતા અનેક તર્કવિતર્ક



નવી દિલ્હી,

મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ એમએચ૩૭૦ લાપતા થયાની ઘટના સૌને યાદ હશે. આઠમી માર્ચ ૨૦૧૪એ કુઆલાલંપુરથી બેઈજિંગ જવા રવાના થયેલી ફ્લાઈટ અચાનક લાપતા થઈ ગઈ હતી. આ વિમાનમાં કુલ ૨૩૯ લોકો હતા. દસ વર્ષ પસાર થયા પછી પણ આ ફ્લાઈટ લાપતા થવાનું રહસ્ય હજુ પણ અકબંધ છે. હવે ઓસ્ટ્રેલિયામાં બનેલી એક ઘટનાએ મલેશિયન એરલાઈન્સની ફ્લાઈટ એમએચ૩૭૦ લાપતા થવાની યાદ તાજી કરાવી દીધી છે. ઓસ્ટ્રેલિયામાં બે લોકોએ પોતાના શ્વાનને લઈને એક ચાર્ટર્ડ પ્લેનમાં બીજી ઓગષ્ટ ૨૦૨૫એ ઉડાન ભરી હતી, પરંતુ આજે ૨૨ દિવસથી આ વિમાન લાપતા છે. ૨૨ દિવસ પસાર થયા પછી પણ વિમાનનો કોઈ સુરાગ મળ્યો નથી. એક રિપોર્ટ મુજબ, વિમાનમાં ૭૨ વર્ષીય ગ્રેગરી વોન, તેમની ૬૬ વર્ષીય પાર્ટનર કિમ વાર્ન તેમના શ્વાન મોલીની યાત્રા કરી રહ્યા હતા. આ વિમાનને ગ્રેગરી ચલાવી રહ્યા હતા. ફ્લાઈટે બીજી ઓગષ્ટે તાસ્માનિયાના જોર્જટાઉન એરપોર્ટ પરથી બપોરે ૧ કલાકે ઉડાણ ભરી હતી. મીડિયા રિપોર્ટ મુજબ, વિમાનને પહેલા વિક્ટોરિયા લઈ જવામાં આવ્યું અને પછી એ ન્યૂ સાઉથ વેલ્સના હિલસ્ટન એરપોર્ટ માટે રવાના થયા હતા. પરંતુ બાસ સ્ટેટની ઉપરથી વિમાન અચાનક લાપતા થઈ ગયું.પ્રાપ્ત માહિતી મુજબ, જ્યારે સાંજ સુધી વિમાનની કોઈ માહિતી મળી નહીં, તો પરિવારે અલાર્મ વગાડ્યું. ત્યાર પછી શોધખોળ શરુ કરી હતી.

# USમાં પરચૂરણ વસ્તુઓને ટેરિફની રાહત શુક્રવારથી બંધ થશે

ન્યૂયોર્ક,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ નીતિ દ્વારા અમેરિકામાં વિદેશી સામાન પરની નિર્ભરતા ઘટાડવાની ઝુંબેશ શરૂ કરી છે. જેના ભાગરૂપે અમેરિકામાં આવતી ઓછી કિંમતની કે પરચૂરણ વસ્તુઓને મળતી ટેરિફ રાહત શુક્રવારથી બંધ કરવામાં આવશે. ટ્રમ્પના એક્ઝિક્યુટિવ ઓર્ડર મુજબ, ૮૦૦ ડોલર કે તેથી ઓછી કિંમતના આંતરરાષ્ટ્રીય સામાનને કસ્ટમ ડ્યુટીમાં અપાયેલી રાહત શુક્રવારથી દૂર કરવામાં આવશે.અમેરિકામાં ઓછી કિંમતની કે મહત્ત્વ નહીં ધરાવતી વસ્તુઓને અપાયેલી રાહત દૂર થતાં ચીન અને હોંગકોંગની કંપનીઓને વધારે અસર થશે. અગાઉ આવી વસ્તુઓ કસ્ટમની પ્રક્રિયા વગર અમેરિકામાં પ્રવેશતી હતી. અમેરિકામાં ઓછી કિંમતની કે મહત્ત્વ નહીં ધરાવતી વસ્તુઓને અપાયેલી રાહત દૂર થતાં ચીન અને હોંગકોંગની કંપનીઓને વધારે અસર થશે બદલાયેલી નીતિ અનુસાર, જે દેશમાંથી પરચૂરણ વસ્તુઓ આવી હોય તે દેશ પર લાગુ પડતા ટેરિફ દર વસૂલવામાં આવશે. ટ્રમ્પનું માનવું છે કે, વિદેશના વેપારીઓ કસ્ટમમાં રાહતની આ છટકબારીનો દુરુપયોગ કરતા હતા. પરચૂરણ વસ્તુઓની આડમાં ડ્રગ્સ અને બનાવટી ઉત્પાદનો અમેરિકામાં ઠલવાતા હતા. અમેરિકામાં ૧૯૩૮ના વર્ષથી 'ડી મિનિમિસ'નો નિયમ અમલી હતો. સરકારનો સમય અને ખર્ચ બચાવવા માટે એક ડોલર અથવા તેથી ઓછી કિંમતની વસ્તુઓ પર ડ્યુટી લેવાતી ન હતી. ૨૦૧૫માં ૮૦૦ ડોલર સુધીની વસ્તુઓને 'ડી મિનિમિસ' એટલે કે તુચ્છ અથવા પરચરણ વસ્તુઓને ડ્યુટીમાં માફી અપાઈ હતી.

### લોકોએ કહ્યું- 'તુ કલ ભી બદતમીઝ થા ઔર આજ ભી...'

# સુનીલ શેટ્ટીએ ખુલ્લેઆમ મિમિક્રી આર્ટિસ્ટની કરી ફજેતી



મુંબઈ,

બોલિવૂડના 'અન્ના' એટલે કે સુનીલ શેટ્ટી તેની એક્શન ફિલ્મ માટે જાણીતો છે. તેની ઘણી ફિલ્મો બૉક્સ ઑફિસ પર પૈસાનો વરસાદ કરી રહી છે. પણ, હાલમાં જ અભિનેતા મધ્યપ્રદેશના ભોપાલમાં એક કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન ત્યાં એક મિમિક્રી આર્ટિસ્ટની કળાને જોઈને ભડકી ઉઠ્યા હતા. ત્યારબાદ સુનીલે માઈક લઈને મિમિક્રી આર્ટિસ્ટની જાહેરમાં આટલું બધુ અપમાન કર્યું હતું,જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ ગયો. આ વીડિયો જેવો વાઈરલ થયો કે યુઝર્સ અભિનેતાને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરી રહ્યા છે. એક મિમિક્રી આર્ટિસ્ટ સ્ટેજ પર સુનીલ શેટ્ટીનો ડાયલૉગ બોલી રહ્યો હતો. જે અભિનેતાને બિલકુલ પસંદ ન આવ્યો. ત્યારે સુનીલે માઈક હાથમાં લઈને કહ્યું કે' ક્યારથી આ ભાઈ સાહેબ અંજલિ... આમ અલગ-અલગ રીતે ડાઈલોગ બોલી રહ્યો છે. જે મારા અવાજમાં તો છે જ નહીં. આટલી ખરાબ મિમિક્રી મેં આજ સુધી ક્યારે જોઈ જ નથી.'સુનીલે જાહેરમાં કહ્યું, 'જ્યારે સુનીલ શેટ્ટી ડાઈલોગ બોલે છે તો તે એક મર્દની જેમ બોલે છે. આ તો એક બાળકની જેમ બોલી રહ્યો છે. મિમિક્રી કરવી હોય તો સારી રીતે કરો. ખરાબ મિમિક્રી ન કરવી જોઈએ.' ત્યારબાદ મિમિક્રી આર્ટિસ્ટે જાહેરમાં સુનીલની માફી માગી. તે સુનીલના અવાજની મિમિક્રી કરવાનો પ્રયાસ નહોતો કરી રહ્યો. તેની પર સુનિલે કહ્યું કે 'તું મારી મિમિક્રી કરવાનો પ્રયત્ન પણ ન કરતો. સુનીલ શેટ્ટી બનવા માટે હજી તને ઘણો સમય લાગશે. તું બચ્ચું છે હજુ. ફક્ત વાળ વધારવાથી કોઈ સુનીલ શેટ્ટી નથી બની જતો. તે સુનીલ શેટ્ટીની એક્શન ફિલ્મ જોઈ નથી. કે તો તે પણ બતાવી દઉ તને.' આ વીડિયો વાઈરલ થયા પછી સોશિયલ મીડિયામાં યુઝર્સ સુનીલ શેટ્ટીને ખૂબ ટ્રોલ કરી રહ્યા છે.એક યૂઝરે આ વીડિયો પર કોમેન્ટ કરતા લખ્યું કે, 'ધડકન ફિલ્મનો એક ડાઈલોગ યાદ આવી ગયો.. તૂ કલ ભી બદતમીઝ થા ઔર આજ ભી બદતમીઝ હૈ.' બીજા યૂઝરે લખ્યું કે, 'જ્યાદા ઘમંડ મત કરો મિટ્ટી મે હી મિલના હૈ.' ત્રીજા એક યુઝરે લખ્યું કે, 'સ્ટેજ પર એક મોટા કલાકારે નાના કલાકારનું અપમાન ન કરવું જોઈએ. આ ઘમંડ સિવાય કંઈ જ નથી અને કહેવત છે ને, ઘમંડી કા સિર નીચા.' જણાવી દઈએ કે સુનીલ શેટ્ટી છેલ્લીવાર 'કેસરી વીર' ફિલ્મમાં નજર આવ્યો હતો. જે મે ૨૦૨૫માં રિલીઝ થઈ હતી.

### મનિષ મલ્હોત્રાની પ્રોડયૂસર તરીકે પહેલી ફિલ્મ હશે

## ગુસ્તાખ ઈશ્ક ફિલ્મથી ફરી વિશાલ ભારદ્વાજ-ગુલઝારનું કોલબરેશન

મુંબઈ,

ગીતકાર ગુલઝાર અને સંગીતકાર વિશાલ ભારદ્વાજ ફરી 'ગુસ્તાખ ઈશ્ક' ફિલ્મથી કોલબરેશન કરી રહ્યા છે. વિજય વર્મા તથા ફાતિમા સના શેખની જોડી ધરાવતી ફિલ્મમાં નસીરુદિન શાહ તથા શરીબ હાશ્મી સહિતના કલાકારો છે. વિશાલ ભારદ્વાજ પોતે બોલીવૂડના ટોચના દિગ્દર્શકોમાં સ્થાન પામે છે પરંતુ 'ગુસ્તાખ ઈશ્ક' ફિલ્મમાં તેઓ ફક્ત સંગીતકાર તરીકે જ કન્ટ્રીબ્યૂટ કરી રહ્યા છે. દાયકાઓ અગાઉ ગીતકાર-સંગીતકારની આ જોડીએ 'જંગલબૂક' થી તેમનું કોલબરેશન શરુ કર્યું હતું. તે પછી 'માચિસ', 'ઓમકારા' અને 'મકબૂલ' તથા 'હૈદર' સહિતની ફિલ્મોમાં તેમણે સાથે કામ કર્યું છે. વિશાલ ભારદ્વાજ પોતે બોલીવૂડના ટોચના દિગ્દર્શકોમાં સ્થાન પામે છે પરંતુ 'ગુસ્તાખ ઈશ્ક' ફિલ્મમાં તેઓ ફક્ત સંગીતકાર તરીકે જ કન્ટ્રીબ્યૂટ કરી રહ્યા છે. આ ફિલ્મથી કોશ્યુમ ડિઝાઈનર મનિષ મલ્હોત્રા પ્રોડયૂસર તરીકે ડેબ્યૂ કરી રહ્યો છે. દાયકાઓ અગાઉ ગીતકાર-સંગીતકારની આ જોડીએ 'જંગલબૂક' થી તેમનું કોલબરેશન શરુ કર્યું હતું તાજેતરમાં રીલિઝ થયેલા ફિલ્મના ફર્સ્ટ લૂક પરથી આ ફિલ્મ એક પિરિયડ લવ ડ્રામા હોવાનું અનુમાન વ્યક્ત થઈ રહ્યું છે.

### ઈમોશનલ પોસ્ટ શેર કરી

# આ વર્ષે શિલ્પા શેટ્ટીના ઘરે ગણેશ ઉત્સવ નહીં ઉજવાય



મુંબઈ,

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીએ જાહેરાત કરી છે કે તે આ વર્ષે ગણેશ ઉત્સવની ઉજવણી નહીં કરે. તેના ભવ્ય અને ભક્તિમય ગણપતિ ઉત્સવ માટે જાણીતી અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર શેર કર્યા છે, ચાહકોને માહિતી આપી છે કે કુન્દ્રા પરિવાર હાલ શોકમાં હોવાથી તેઓ તેઓ ૧૩ દિવસ સુધી શોક પાડશે.પોતાની પોસ્ટમાં શિલ્પા શેટ્ટીએ લખ્યું, "પ્રિય મિત્રો, ઊંડા શોક સાથે, અમને તમને જણાવતા દુઃખ થાય છે કે, પરિવારમાં શોકને કારણે, આ વર્ષે અમે અમારા ઘેર ગણપતિ ઉત્સવ યોજીશું નહીં. પરંપરા મુજબ, અમે ૧૩ દિવસનો શોક પાડીશું અને તેથી કોઈપણ ધાર્મિક ઉત્સવોથી દૂર રહીશું. અમે તમારી સમજ અને પ્રાર્થના ઈચ્છીએ છીએ. કૃતજ્ઞતા સાથે - કુન્દ્રા પરિવાર.''આ સાથે શિલ્પાએ, ભગવાન ગણેશને આવતા વર્ષે જલ્દી આવવા આમંત્રણ પણ આપી દીધું હતું. તેણે લખ્યું, "ગણપતિ બાપ્પા મોર્યા, પુડ્ચ્યા વર્ષી લવ કર યા'' સાથે વિદાય આપી. તેના શબ્દો તેની ભક્તિ અને ઘણા વર્ષોથી તેના હૃદયની નજીક રહેલી પરંપરામાં વિક્ષેપ પડવાનો અફસોસ બંને દર્શાવે છે.એક દાયકાથી વધુ સમયથી, શિલ્પા શેટ્ટીએ ભવ્યતા, ભક્તિ અને પારિવારિક મેળાવડા સાથે ભગવાન ગણેશનું સ્વાગત કરતી આવી છે. મુંબઈમાં તેનાં ઘેર ઉજવાતા ગણપતિ ઉત્સવો હંમેશા ચર્ચામાં રહે છે. ૨૦૨૪માં, તેણે તેના પરિવાર સાથે ઉજવણીનો એક વિડિયો શેર કર્યો હતો, જેમાં કેપ્શન આપ્યું, "ગણપતિ બાપ્પા મોર્યા. બાપ્પાના સ્વાગત માટે આપણા હૃદય અને દરવાજા ખોલી રહ્યા છીએ. વર્ષનો પ્રિય સમય.'' ૨૦૨૫માં પરંપરામાં વિક્ષેપ એક ક્યારેય ન જોયો હોય વિરામ દર્શાવે છે કારણ કે પરિવાર આ સમય શોકમાં વિતાવવાનો છે.જો શિલ્પાના કામની વાત કરવામાં આવે તો, શિલ્પા શેટ્ટી છેલ્લે સોનલ જોશીએ ડિરેક્ટ કરેલી 'સુખી'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં એક પંજાબી ગૃહિણી હાઈસ્કૂલ રિયુનિયન દરમિયાન પોતાની જાતને ફરીથી શોધે છે તેની વાત કરવામાં આવી છે. તેની આગામી રિલીઝ પ્રેમ દ્વારા ડિરેક્ટેડ કન્નડ એક્શન ડ્રામા ફિલ્મ 'કેડીઃ ધ ડેવિલ' હશે.

### આ ફિલ્મમાં શ્રિયા પિલગાંવકર પણ મહત્વના રોલમાં હોવાની ચર્ચા

# પ્રિયદર્શનની ફિલ્મ 'હૈવાન'માં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન સાથે સૈયામી ખેરની એન્ટ્રી



મુંબઈ,

અભિનેત્રી સૈયામી ખેર સત્તાવાર રીતે પ્રિયદર્શનની ફિલ્મ 'હૈવાન'ના કલાકારો સાથે જોડાઈ ગઈ છે. બોલિવૂડના દિગ્ગજ કલાકારો અક્ષય કુમાર અને સૈફ અલી ખાન લીડ રોલમાં છે એવી આ ફિલ્મનું શૂટિંગ કોચીમાં શરૂ થઈ ગયું છે અને તેની પહેલાંથી ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે.'હૈવાન' ઘણા કારણોસર એક ખાસ ફિલ્મ બની રહી છે. સૈયામી ખેર પહેલી વાર અક્ષય કુમાર, સૈફ અલી ખાન અને ડિરેક્ટર પ્રિયદર્શન સાથે સ્ક્રીન સ્પેસ શેર કરશે સૈયામી ખેર પહેલી વાર અક્ષય કુમાર, સૈફ અલી ખાન અને ડિરેક્ટર પ્રિયદર્શન સાથે સ્ક્રીન સ્પેસ શેર કરશે. દર્શકો માટે અક્ષય અને સૈફ છેલ્લે 'ટશન'માં જોવા મળ્યા હતા અને હવે, ૧૮ વર્ષ પછી અક્ષય અને સૈફના લાંબા સમય પછી સાથે આવશે, ફિલ્મનું શૂટિંગ તેજીથી ચાલી રહ્યું હોવાથી, ફિલ્મની આસપાસ અપેક્ષાઓ વધતી જાય છે.આ ફિલ્મમાં કામ કરવા પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં સૈયામી ખેરે કહ્યું, "હૈવાનના સેટ પર કામ કરવાનો મારો અનુભવ ખુબ સુંદર રહ્યો છે. મને હજુ પણ યાદ છે કે હું એ નાની છોકરી હતી જે થિયેટરમાં આંખો પહોળી કરીને બેઠી હતી અને અક્ષય સરને એક્શનની નવી પરિભાષા આપતા જોતી હતી અથવા સૈફ સરના સરળ કોમિક ટાઈમિંગ પર સતત હસતી હતી, જે ફિલ્મો અમારા નાનપણના વર્ષોનો ભાગ બની ગઈ હતી. તે સમયે, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે એક દિવસ હું ખરેખર એવા લોકો સાથે સેટ પર હોઈશ જેમની ફિલ્મોએ સિનેમા પ્રત્યેના મારા પ્રેમને આકાર આપ્યો હતો.''સૈયામીએ કહ્યું, "હવે એવો સમય આવ્યો છે કે, હું આસપાસ જોઉં છું અને મારી જાતને યાદ કરાવું છું કે આ વાસ્તવિક છે. આ એ જ ચહેરાઓ છે જે મેં એક સમયે પ્રેક્ષકો સાથે જોયા હતા અને આજે હું તેમની સાથે ફ્રેમ શેર કરી રહી છું, અને પછી પ્રિયન સર છે. મારા માટે, તે ફક્ત એક ડિરેક્ટર નથી, તે એક વાર્તાકાર છે જેમણે આપણને કેટલીક સૌથી લોકપ્રિય ફિલ્મ આપી છે. તેમના દ્રષ્ટિકોણ પરથી માર્ગદર્શન મેળવવું એ એવી બાબત છે જે હું હંમેશા યાદ રાખીશ. તેમની ફિલ્મોએ મને ફિલ્મ સાથે પ્રેમમાં પડવામાં મોટો ભાગ ભજવ્યો છે, હવે તેમના સેટ પર હોવું એ જીવનનું એક ચક્ર પૂરું કરવા જેવું છે. અમે હમણાં જ શૂટિંગ શરૂ કર્યું છે, પરંતુ હું ફક્ત તે બધું, ઉત્સાહ, નર્વસનેસ, કૃતજ્ઞતામાં ડૂબી ગઈ છું. મારું મન ભરાઈ ગયું છે અને હું એક એવી ફિલ્મનો એક નાનો ભાગ બનવા માટે અતિ ધન્યતા અનુભવું છું જે પહેલાથી જ ખૂબ જ ખાસ લાગે છે.''કેમેરાની સામે અને પાછળ બંને પ્રતિભાના અનોખા સંયોજન સાથે 'હૈવાન'માં શ્રિયા પિલગાંવકર પણ જોવા મળશે.

### વરુણ ધવને સેટ પરથી પડદા પાછળનો ફોટો શેર કર્યો

# 'સન્ની સંસ્કારી...'માં વરુણ, જાહ્નવી, સાન્યા, રોહિતનો ટ્વિસ્ટેડ રોમાન્સ

### આ ફિલ્મ ૨ ઓક્ટોબરના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે, જે ગાંધી જયંતિ અને દશેરા સાથે રિલીઝ થવાની છે



મુંબઈ,

ધર્મા પ્રોડક્શન્સે વરુણ ધવન અને જાહ્નવી કપૂરની આગામી રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'સન્ની સંસ્કારી કી તુલસી કુમારી'ના પોસ્ટરનાં રિલીઝ સાથે સોશિયલ મીડિયામાં ધમાલ મચાવી દીધી છે. આ પોસ્ટર, એક મોશન પિક્ચર ડિઝાઈન છે, જેમાં ફક્ત મુખ્ય પાત્રો જ નહીં પરંતુ રોહિત સરાફ અને સાન્યા મલ્હોત્રાને પહેલા ક્યારેય ન જોયેલા અવતારોમાં દર્શાવવામાં આવ્યા છે,

જે ફિલ્મમાં સંબંધોના ગૂંચવાડા તરફ સંકેત આપે છે.આ પોસ્ટરે ટ્વિસ્ટેડ લવસ્ટોરીને સમજવા માટે ઉત્સુક ફૅન્સમાં ચર્ચાઓ જગાવી છે. બ્રાઈટ ગોલ્ડન સાડીમાં જોવા મળતી જાહ્નવી કપૂર અને સુંદર કાળા જેકેટમાં વરુણ ધવન ફ્રેમમાં છવાઈ ગયા છે. સાથે જ રોહિત અને સાન્યાની ઝલકે પણ ઉત્સુકતા જગાવી છે, જે એક લવ ક્વોડ્રેંગલ સૂચવે છે જે વાર્તામાં નવી તાજગી શકે છે. સોશિયલ મીડિયા પર પોસ્ટર પોસ્ટ કરતાં, ધર્મા પ્રોડક્શન્સે તેને કેપ્શન આપ્યું, "આ સિઝનના સૌથી હોટ (પ્લસ) ડ્રામા, અફરાતફરી અને બદલો લેવા માટે આ ફિલ્મ આવી રહી છે!'' બીજી પોસ્ટમાં લખ્યું, "મંડપ સજેગા, મહેફિલ જમેગીપ પર સની ઔર તુલસી કી એન્ટ્રી, સારી સ્ક્રિપ્ટ બદલ દેગી!''વરુણ ધવને સેટ પરથી પડદા પાછળનો ફોટો શેર કર્યો જેમાં પ્રોડ્યુસર કરણ જોહર સાથે ચારેય કલાકારો હતા. ચાહકોનું ધ્યાન કલાકારો દ્વારા પહેરવામાં આવેલી વિચિત્ર ટી-શર્ટ પર ખેંચાયું, દરેકમાં એક લાઈન તેમના પાત્રના રોમેન્ટિક વલણને દર્શાવે છે. વરુણના ટી-શર્ટ પર લખ્યું હતું, "સની બન્ટુને પ્રેમ કરે છે, બન્ટુ જોઈએ છે,'' જ્યારે જાહ્નવીના ટીશર્ટ પર લખ્યું હતું, "તુલસી. સનીને પ્રેમ કરે છે, વિક્રમ જોઈએ છે.'' સાન્યાના ટીશર્ટ પર લખ્યું હતું, "અનન્યા. સનીને પ્રેમ કરે છે, વિક્રમ જોઈએ છે,'' અને રોહિતના ટીશર્ટ પર લખ્યું હતું, "વિક્રમ. તુલસીને પ્રેમ કરે છે, અનન્યા જોઈએ છે.''આ મજાના સંકેતોએ ચાહકોને મૂંઝવણ અને રસ બંનેમાં મૂકી દીધા છે, જેના કારણે સોશિયલ મીડિયા પર કોણ કોની સાથે જશે તે અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ ટી-શર્ટ્સનું એક ટ્વિસ્ટેડ રોમેન્ટિક સ્ટોરીના સંકેતો તરીકે અર્થઘટન કરવામાં આવ્યું છે. 'સની સંસ્કારી કી તુલસી કુમારી'માં ૨૦૨૩ની હિટ ફિલ્મ 'બાવાલ' પછી વરુણ ધવન અને જાહ્નવી કપૂર ફરી એક સાથે જોવા મળવાના છે. આ ફિલ્મ ૨ ઓક્ટોબરના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે, જે ગાંધી જયંતિ અને દશેરા સાથે રિલીઝ થવાની છે.

### ૨૦૨૭માં રિલીઝ થશે

# વિકી કૌશલની 'મહાવતાર'માં 'લવ એન્ડ વોર'ના કારણે વિલંબ

### વિકી કૌશલનો પહેલો લૂક જાહેર કરીને ૨૦૨૬માં ક્રિસમસ દરમિયાન રિલીઝ કરવાની જાહેરાત કરાઈ હતી



મુંબઈ,

વિકી કૌશલની મેડોક ફિલ્મ્સ સાથેની બીજી ફિલ્મ 'મહાવતાર'ની થોડી વધુ રાહ જોવી પડી શકે છે. શરૂઆતમાં ૨૦૨૬માં ક્રિસમસ દરમિયાન રિલીઝ થવાની હતી. પરંતુ એક અહેવાલ મુજબ, આ માઈથોલોજિકલ ફિલ્મ હવે ૨૦૨૭ સુધી મુલતવી રાખવામાં આવી છે. અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે 'લવ એન્ડ વૉર'ના શૂટિંગને કારણે આ ફિલ્મની રિલીઝમાં વિલંબ થઈ શકે છે.મેડોકની 'મહાઅવતાર' ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતમાં શરૂ થવાનું હતું. પરંતુ હવે 'મહાવતાર'નું શૂટ આગામી એપ્રિલમાં જ શરૂ થવાની ધારણા છે, જેના કારણે ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થવાની શક્યતા ઓછી છે. આ વિલંબ વિકી કૌશલની સંજય લીલા ભણસાલીની પીરિયડ રોમાંસ ફિલ્મ 'લવ એન્ડ વૉર' માટે તેણે ફાળવેલી તારીખોને કારણે હોવાનું કહેવાય છે, જે પૂરી થવામાં ધાર્યા કરતાં વધુ સમય લાગી રહ્યો છે.અગાઉ, નિર્માતા દિનેશ વિજાને ૨ મેના રોજ વેવ્સ ૨૦૨૫માં પેનલિસ્ટ તરીકે હાજરી આપી હતી અને ભારતીય સંસ્કૃતિમાં મૂળ ધરાવતી વાર્તાઓ કહેવાનું કેટલું મહત્વપૂર્ણ છે તેના વિશે વાત કરી હતી. તેમણે વિકી કૌશલની આગામી ફિલ્મ, 'મહાવતાર' વિશે પણ અપડેટ આપી હતી અને તેને મેડોક ફિલ્મ્સનું અત્યાર સુધીનું સૌથી મોટું પ્રોડક્શન ગણાવ્યું હતું.અગાઉ એવા પણ અહેવાલ આપ્યો હતો કે વિકી કૌશલે સંજય લીલા ભણસાલી દ્વારા ડિરેક્ટ થઈ રહેલી તેમની આગામી ફિલ્મ, 'લવ એન્ડ વૉર' માટે લગભગ ૨૦૦ દિવસ ફાળવ્યા છે. શૂટિંગ ૨૦૨૪ના અંતમાં શરૂ થયું હતું અને હવે આ શૂટ ૨૦૨૫ની શરુઆતના લગભગ ત્રણ સુધી ચાલુ રહેવાની અપેક્ષા છે. જેના કારણે ડિસેમ્બર ૨૦૨૬માં રિલીઝ થવાની શક્યતા ઓછી છે. આ વિલંબ વિકી કૌશલની સંજય લીલા ભણસાલીની પીરિયડ રોમાંસ ફિલ્મ 'લવ એન્ડ વૉર' માટે તેણે ફાળવેલી તારીખોને કારણે હોવાનું કહેવાય છે, જે પૂરી થવામાં ધાર્યા કરતાં વધુ સમય લાગી રહ્યો છે.અગાઉ, નિર્માતા દિનેશ વિજાને ૨ મેના રોજ વેવ્સ ૨૦૨૫માં પેનલિસ્ટ તરીકે હાજરી આપી હતી રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પણ અભિનિત આ ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ થવાની છે. વિકીએ 'છાવા' વખતે જાહેરમાં સ્વીકાર્યું છે કે, તેના માટે વજન વધારવું મુશ્કેલ હતું. લક્ષ્મણ ઉટેકરની ફિલ્મ માટે તેણે ૧૦૫ કિલો સુધી વજન વધાર્યું હતું પરંતુ લવ એન્ડ વોર માટે તેણે બધું જ ઘટાડવું પડ્યું.જ્યારે દિનેશ વિજાને ભારતીય સંસ્કૃતિમાં મૂળ ધરાવતી વાર્તાઓ કેટલી મહત્વની છે, તે અંગે 'મહાઅવતાર'ની વાત કરતાં કહ્યું હતું, "મને લાગે છે કે આપણે ખૂબ જ રસપ્રદ સમયમાં છીએ. તમે કોઈ પ્રદેશને એક ઉદાહરણ તરીકે લો છો એને તેમાં પ્રવેશવાનું નક્કી કરો છો, તો સૌ પ્રથમ તે પ્રદેશને જાણો. મને લાગે છે કે, પેન્ડેમિક પછી, આપણે આખરે આપણે પરિસ્થિતિ પર કાબુ મેળવવામાં સફળ રહ્યા છીએ. આપણને સમજાયું છે કે સામાન્ય માણસ માટે ફિલ્મ બનાવવાની જરૂર છે.''ગયા વર્ષે, વિકી કૌશલે મહાવતારનો પહેલો લુક શેર કર્યો હતો જે તરત જ વાયરલ થઈ ગયો હતો. આ લુક શેર કરતા વિકીએ લખ્યું, "દિનેશ વિજાન ધર્મના શાશ્વત યોદ્ધાની વાર્તાને જીવંત કરે છે! વિકી કૌશલ અમર કૌશિક દ્વારા દિગ્દર્શિત 'મહાવતાર'માં ચિરંજીવી પરશુરામની ભૂમિકા ભજવે છે. થિએટરમાં આવી રહી છે - ક્રિસમસ ૨૦૨૬!'' આ ફિલ્મ દિનેશ વિજન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

### શ્રીદેવીની ચેન્નાઈની મિલકત પર

# ગેરકાયદેસર દાવાઓ અંગે બોની કપૂર મદ્રાસ હાઈકોર્ટના શરણે



મુંબઈ,

બોલિવૂડના ડિરેક્ટર અને પ્રોડ્યુસર બોની કપૂરે મદ્રાસ હાઈકોર્ટમાં અરજી કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ત્રણ વ્યક્તિઓ ગેરકાયદેસર રીતે ચેન્નાઈના ફાર્મહાઉસની માલિકીનો દાવો કરી રહ્યા છે જે એક સમયે તેમની સ્વર્ગસ્થ પત્ની, સુપ્રસિદ્ધ અભિનેત્રી શ્રીદેવીનું હતું.બોનીએ કાનૂની અરજી દાખલ કરી છે, જેમાં તેમણે ત્રણેય દ્વારા છેતરપિંડી કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. ચેન્નાઈમાં ઈસ્ટ કોસ્ટ રોડ પર સ્થિત વિવાદિત મિલકત શ્રીદેવીએ ૧૯ એપ્રિલ ૧૯૮૮ના રોજ એમ.સી. સંબંદા મુદલિયાર પાસેથી ખરીદી હતી. મુદલિયારના પરિવારે ૧૯૬૦માં પરસ્પર મિલકતનું વિભાજન કર્યું હતું અને આ પારિવારીક વહેંચણીના આધારે, શ્રીદેવીએ કાયદેસર રીતે પ્લોટ મેળવ્યો હતો.જોકે, બોનીનો દાવો છે કે ત્રણ વ્યક્તિઓ, એક મહિલા અને તેનાં બે પુત્રોએ, તાજેતરમાં જમીન પર કાયદેસરના અધિકારો મેળવવાનું શરૂ કર્યું છે. મહિલાનો આરોપ છે કે તે મુદલિયારના એક પુત્રની બીજી પત્ની છે અને તેણીએ ૧૯૭૫માં તેની સાથે લગ્ન કર્યા હતા. બોનીએ આ દાવાની કાયદેસરતાને પડકાર ફેંક્યો, દલીલ કરી કે પુરુષની પહેલી પત્ની ૧૯૯૯ સુધી જીવિત હતી, જેના કારણે કથિત બીજા લગ્ન કાયદેસર રીતે અમાન્ય બન્યા.બોનીએ તાંબરમ તાલુકા તહસીલદારના અધિકારક્ષેત્ર પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, જેમણે ત્રણ વ્યક્તિઓનું કાનૂની વારસા પ્રમાણપત્ર મંજુર કર્યુ હતું. તેમણે કોર્ટને પ્રમાણપત્ર રદ કરવા અને માલિકીના કોઈપણ ટ્રાન્સફરને રોકવા વિનંતી કરી. અરજીની નોંધ લેતા, ન્યાયાધીશ એન. આનંદ વેંકટેશે તાંબરમ તહસીલદારને આ મામલાની તપાસ કરવા અને ચાર અઠવાડિયામાં નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે. ઈઝઈ પરની મિલકતનો ઉપયોગ કૌટુંબિક ફાર્મહાઉસ રીટ્રીટ તરીકે થાય છે અને બોની અને તેની પુત્રીઓ, જાહ્નવી અને ખુશી કપૂર આ ઘર પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે.

# વડોદરામાં ગેસ કૌભાંડઃ 'રાજુ ફાલુદા' જેવાથી કરોડોની સબસિડી બરબાદ, તંત્ર આંખ આડા કાન



વડોદરાઃ

શહેરના હોટેલ, રેસ્ટોરન્ટ અને ફૂડ સ્ટોલ પર સબસિડીવાળા ઘરેલુ ગેસના બાટલાનો ગેરકાયદેસર ઉપયોગ બેફામપણે ચાલી રહ્યો છે. આ ગેરરીતિ સામે સંબંધિત વિભાગો દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં અનેક શંકાઓ ઊભી થઈ છે. તાજેતરમાં વરસીયા વિસ્તારના જાણીતા 'રાજુ ફાલુદા'ના ફૂડ કારખાનામાંથી ૧૫ થી ૨૦ જેટલા ઘરેલુ ગેસના બાટલા મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે આ કૌભાંડ કેટલી હદે વ્યાપક છે. આ એકલદોકલ ઘટના નથી. શહેરના મોટાભાગના કોમર્શિયલ વેપારીઓ આ રીતે સસ્તા દરે ગેસ મેળવી મોટો નફો રળી રહ્યા છે, જે સીધો સામાન્ય નાગરિકોના હક પર તરાપ છે. સૌથી મોટો સવાલ એ છે કે આટલી મોટી સંખ્યામાં ઘરેલુ બાટલાઓ આ વેપારીઓ સુધી પહોંચે છે ક્યાંથી? શું આમાં ગેસ એજન્સીઓની મિલીભગત છે? કે પછી સરકારી બાબુઓના ભ્રષ્ટાચારની આ રમત છે?

'રાજુ ફાલુદા' જેવી ઘટનાઓ સામે આવ્યા છતાં અધિકારીઓ દ્વારા કોઈ કડક પગલાં ન લેવાતાં તેમની નિષ્ક્રિયતા અથવા સાંઠગાંઠ સ્પષ્ટપણે દેખાઈ રહી છે. જો આ કૌભાંડ પર તાત્કાલિક લગામ કસવામાં નહીં આવે તો સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લાગતો રહેશે અને આમ જનતાનું શોષણ ચાલુ રહેશે. જો આ ગેરકાયદેસર પ્રવૃત્તિના કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાશે, તો તેની જવાબદારી કોની રહેશે?

# તહેવારોની મોસમમાં વડોદરામાં દારૂની રેલમછેલઃ પોલીસની કામગીરી પર સવાલો



વડોદરાઃ

તહેવારોની શરૂઆત થતાં જ વડોદરા શહેરમાં દારૂની બદી ફરી બેફામ બની છે. શહેરમાં કાયદાનું પાલન કરાવતી પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. વારસિયા, દિવાળીપુરા અને ગોત્રી જેવા વિસ્તારોમાં દારૂના અડ્ડાઓ ફરી ધમધમી રહ્યા છે, જેના કારણે દારૂબંધીના કાયદાની અમલવારી પર શંકાઓ સેવાઈ રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસ નાના સપ્લાયરોને પકડીને સંતોષ માની રહી છે, જ્યારે દારૂના મોટા મગરમચ્છો ખુલ્લેઆમ પોતાનો ધંધો ચલાવી રહ્યા છે. આ પરિસ્થિતિ પ્રશાસનની લાચારી દર્શાવે છે કે પછી કોઈ મોટા વહીવટદારની ભલામણ હેઠળ આ બધું ચાલી રહ્યું છે, તે અંગે મુંઝવણભર્યા સવાલો ઉભા થયા છે. પોલીસની બાજ નજર હોવા છતાં, આ અડ્ડાઓનું ધમધમવું એ કાયદાના શાસન માટે ચિંતાજનક બાબત છે.

## કાયાવરોહણ-કરજણ અંડરપાસ સુવિધા કે દુવિધા? બે વર્ષમાં જ બિસ્માર, વરસાદમાં નરકાગાર જેવી સ્થિતિ

વડોદરા,

વડોદરા જિલ્લાના કાયા વરોહણથી કરજણ જતા માર્ગ પર રેલવે ફાટકની ટ્રાફિક સમસ્યા નિવારવા માટે બનાવવામાં આવેલો રેલવે અંડરપાસ લોકાર્પણના માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં જ સ્થાનિકો માટે માથાનો દુખાવો સાબિત થયો છે. નબળી કામગીરી અને યોગ્ય આયોજનના અભાવે અંડરપાસની સ્થિતિ 'હતી એનાથી પણ બદતર' થઈ છે. ચોમાસામાં પાણી ભરાવવા ની સમસ્યા અને બિસ્માર રસ્તાને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરની મિલીભગત સામે સવાલો ઉઠાવી રહ્યા છે. વિગતો મુજબ, કાયા વરોહણ-કરજણ માર્ગ પર સતત ટ્રાફિક અને રેલવે ફાટક બંધ રહેવાની સમસ્યાને પગલે કરોડો રૂપિયાના ખર્ચે અંડરપાસનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ, નિર્માણના માત્ર બે વર્ષમાં જ અંડરપાસના એપ્રોચ રોડ પર મસમોટા ખાડા પડી ગયા છે, જે અકસ્માતને નોતરી રહ્યા છે. સૌથી ગંભીર સમસ્યા ચોમાસા દરમિયાન સર્જાય છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે સામાન્ય વરસાદમાં પણ અંડરપાસ બેટમાં ફેરવાઈ જાય છે અને વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવાની ફરજ પડે છે.

સ્થાનિકોનું કહેવું છે કે, "અંડરપાસ બન્યા પછી તો સ્થિતિ પહેલાં કરતાં પણ ભયંકર બની છે. પહેલાં ફાટક પર રાહ જોવી પડતી, હવે તો રસ્તો જ બંધ થઈ જાય છે. સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરની મિલીભગતમાં જનતાનો પૈસો અને સમય બંને બરબાદ થઈ રહ્યા છે. આ માથાકૂટમાં જનતાનું પીસાવું કેટલું વ્યાજબી?" લોકોએ તાત્કાલિક ધોરણે સમસ્યાના કાયમી નિરાકરણ અને જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરી છે.

### બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો

## કરજણ તાલુકાના સાયર ગામે બે જૂથ વચ્ચે અથડામણ



ઘાયલોને સારવારમાં ખસેડાયા

વડોદરા,

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના સાયર ગામે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હોવાના સમાચાર મળી રહ્યા છે. ગામના બે જૂથો વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થયા બાદ જૂથ અથડામણ થતાં ચાર લોકોને ઈજા થઈ હતી જે પૈકી ૨ વ્યક્તિને વધુ ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે કરજણના સાયર ગામમાં જૂથ અથડામણ થઈ હતી. બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો બિચક્યો હતો અને બંને જૂથના લોકો આમને સામને આવી ગયા હતાઘટનામાં ચાર લોકોને ઈજા થઈ છે જે પૈકી ૨ વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા છે. બોલાચાલી થયા બાદ જૂથ અથડામણ થતાં ચાર લોકોને ઈજા થઈ હતી જે પૈકી ૨ વ્યક્તિને વધુ ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી છે અને પરિસ્થિતિ કાબુમાં લીધી હતી. પોલીસે બંને જૂથના લોકોની પૂછપરછ કરીને ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરુ કરી છે. ઘટનાના વધુ પડઘાં ના પડે તે માટે પોલીસે ગામમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દીધો છે. ક્યા મુદ્દે બંને જૂથ વચ્ચે તકરાર થઈ તે સહિતના કારણોની પોલીસે તપાસ શરુ કરી છે. ઘટલ લોકોના પણ નિવેદન લેવામાં આવી રહ્યા છે.

## જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીના વિરોધમાં ગુજરાત હાઈકોર્ટમાં હડતાળ, વકીલો CJIને રજૂઆત કરશે




અમદાવાદઃ

સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં બદલીની ભલામણ કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિયેશન દ્વારા અચોક્કસ મુદતની હડતાળની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયના વિરોધમાં આજે (૨૮ ઓગસ્ટ) મોટી સંખ્યામાં વકીલો હાઈકોર્ટ પરિસર બહાર ભેગા થઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

સુપ્રીમ કોર્ટે દેશભરની વિવિધ હાઈકોર્ટના ૧૪ જજની ટ્રાન્સફરનો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં ગુજરાતના જસ્ટિસ સંદીપ ભટ્ટ અને જસ્ટિસ સી.એમ. રોયનો પણ સમાવેશ થાય છે. જસ્ટિસ રોયની બદલી આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં કરવાની ભલામણ છે, જ્યારે જસ્ટિસ ભટ્ટની બદલીનો વકીલો દ્વારા ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિયેશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી અને સેક્રેટરી હાર્દિક બ્રહ્મભટ્ટ સહિતની કમિટી આજે બપોરે ૧.૫૦ વાગ્યે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (ઝ્રત્નૈં)ને મળશે અને જસ્ટિસ ભટ્ટની બદલી પર રોક લગાવવા માટે વિનંતી કરશે.

## ગણેશજીની પ્રતિમા પર ઇંડા ફેંકવાનો કેસઃ આરોપીઓના 3 દિવસના રિમાન્ડ મંજૂર



વડોદરામાં શાંતિ ડહોળવા પ્રયાસ; ગણેશજીની મૂર્તિ પર ઈંડા ફેંકાતા ભારે રોષ, 3 શંકાસ્પદોની અટકાયત

વડોદરાઃ

શહેરના માંડવી વિસ્તારમાં ગણેશજીની આગમન યાત્રા દરમિયાન પ્રતિમા પર ઈંડા ફેંકવાની ઘટના બાદ પોલીસે કાર્યવાહી તેજ કરી છે. આ મામલે પોલીસે ઝડપેલા આરોપીઓને આજે નામદાર કોર્ટમાં રજૂ કરી ૭ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, કોર્ટે પોલીસની માંગણી આંશિક રીતે સ્વીકારીને ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં તંગદિલીનો માહોલ સર્જ્યો હતો, જેથી પોલીસે તાત્કાલિક ધોરણે પગલાં લઈ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસનો હેતુ આ ગુના પાછળના કાવતરાનો પર્દાફાશ કરવાનો અને અન્ય કોઈ વ્યક્તિ કે સંગઠનની સંડોવણી છે કે કેમ તે જાણવાનો છે. કોર્ટ દ્વારા ૩ દિવસના રિમાન્ડ મંજૂર થતાં પોલીસ હવે આરોપીઓની વધુ ઊંડાણપૂર્વક પૂછપરછ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે.

### આરોપીઓએ માફી માગી

## વડોદરામાં શ્રીજીની પ્રતિમા પર ઈંડા ફેંકનારા યુવકોનું જાહેરમાં સરઘસ કાઢ્યું



વડોદરા,

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં ગણેશજીની પ્રતિમા પર ઈંડા ફેંકવાના બનેલા બનાવ બાદ પોલીસે બે આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું અને તેમને માફી પણ મંગાવી હતી. આ ઘટના માંજલપુરના ગણેશ મંડળની શ્રીજીની પ્રતિમાની સ્થાપના વેળાએ બની હતી. મોડી રાત્રે અંદાજે ૨:૩૦ વાગ્યાની આસપાસ પાણીગેટ પાસેના મદાર માર્કેટ નજીક કોઈ અજાણ્યા શખ્સોએ પ્રતિમા પર ઈંડા ફેંક્યા હતા. આ ઘટનાને કારણે ગણેશ મંડળોમાં ભારે રોષ ફેલાયો હતો. આ ઘટના બાદ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ પોલીસે એક સગીર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને નવી પ્રતિમાની વ્યવસ્થા પણ કરી હતી. આરોપીઓની ઓળખ સુફિયાન મન્સૂરી અને શાહ નવાઝ ઉર્ફે બડબડ કુરેશી તરીકે થઈ હતી. પોલીસે આજે આ બે આરોપીઓને તેમના જ વિસ્તારમાં, વાડીના ખાનગાહ મોહલ્લામાં, જાહેરમાં ફેરવ્યા હતા. તેમના હાથ દોરડા વડે બાંધેલા હતા. આ સરઘસ દરમિયાન બંને આરોપીઓએ પોતે કરેલા કૃત્ય બદલ હાથ જોડીને માફી માંગી હતી.આ ઘટના બાદ ગણેશ મંડળોમાં અને સ્થાનિક ભાજપના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પરંતુ પોલીસે તાત્કાલિક આરોપીઓને શોધી કાઢીને કડક કાર્યવાહી કરવાની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના બની નહોતી. છેલ્લા ઘણા વર્ષોથી વડોદરામાં ગણેશોત્સવ શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય છે.વિસર્જન યાત્રામાં પણ શાંતિ જળવાઈ રહે છે. તેમજ કેટલાક સ્થળોએ કોમી એકતાના પણ દ્રશ્યો જોવા મળે છે. તેવા સમયે અચાનક થયેલી આ ઘટનાના કારણે પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે. આ ઘટના પછી ઘટના સ્થળે દોડી આવેલા પોલીસ અધિકારીઓએ તાત્કાલિક અલગ - અલગ ૧૨ ટીમો બનાવી હતી. ઘટના સ્થળની નજીક ફિટ કરેલા સીસી ટીવીના ફૂટેજ, બાતમીદારો મારફતે આરોપીઓને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી. મંગળવારે રાતે માત્ર ૧૦ થી ૧૫ લોકો કોઈ જ ઘોંઘાટ કર્યા વગર શાંતિ પૂર્વક મૂર્તિ લઈ જઈ રહ્યા હતા. તે સમયે ઈંડા ફેંકીને અસામાજિક તત્વોએ પોલીસને પડકાર ફેંક્યો હતો. શોભાયાત્રા પર જે બિલ્ડિંગો પરથી ઈંડા ફેંકવામાં તે બિલ્ડિંગની લાઈટો ટપોટપ બંધ થઈ ગઈ હતી.

## અમદાવાદમાં ગણેશ સ્થાપના સમયે દુર્ઘટનાઃ કોમ્પ્લેક્સનો સ્લેબ ધરાશાયી થતાં ૧૦થી વધુ ઈજાગ્રસ્ત



અમદાવાદઃ

નવા નરોડા વિસ્તારમાં ગણેશ સ્થાપનાના પાવન અવસરે મોટી દુર્ઘટના સામે આવી છે. બાપા સીતારામ ચોક પાસે પંચમુખી હનુમાન ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ ઉત્સવ દરમિયાન એક કોમ્પ્લેક્સનો સ્લેબ ધરાશાયી થયો હતો, જેના કારણે ત્રણ બાળકો અને મહિલાઓ સહિત ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.આ ઘટના ૨૭ ઓગસ્ટની મોડી રાત્રે લગભગ ૯ વાગ્યાની આસપાસ બની હતી. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગણેશજીના દર્શન કરવા એકઠા થયા હતા, ત્યારે અચાનક સ્લેબ તૂટી પડ્યો અને લોકો ભોંયરામાં પટકાયા હતા. આ દુર્ઘટનામાં એક મહિલાએ પોતાના બાળકને બચાવવા માટે બુમરાણ મચાવી હતી, જેના કારણે આસપાસના લોકો તાત્કાલિક મદદે પહોંચ્યા હતા. સ્થાનિક લોકોએ પરસ્પર મદદ કરીને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર વિભાગ દ્વારા તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકોની ભીડ જમા થઈ જતાં પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો.

## બસ અને ટ્રક વચ્ચે રીક્ષા કચડાઈ જતાં મામા-ભાણેજનું કરુણ મોત

આણંદ,

આણંદ તાલુકાના વાસદ-તારાપુર હાઈવે ઉપર આવેલ સુંદણ પાસે આજે પરોઢીયે પેટલાદથી ફળ લેવા રીક્ષા લઈ વડોદરા જઈ રહેલ મામા-ભાણાની રીક્ષા આગળ જતી લકઝરી અને પાછળ આવતી ટ્રક વચ્ચે ચગદાઈ ગઈ હતી. જેના કારણે બંનેના કરુણ મોત થયા હતા. આ બનાવ અંગે વાસદ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો અનુસાર આણંદ જિલ્લાના પેટલાદ ખાતે મલાવ ભાગોળ, ધોબીકુઈ વિસ્તારમાં શંકરભાઈ મફતભાઈ તળપદા રહે છે. જેઓ પોતાના મોટાભાઈ મહેન્દ્રભાઈ તળપદા (ઉ.વ. ૫૩) સાથે ફળની લારી ફેરવે છે. જે પેટલાદ શહેરની વાવ ચોકડી પાસે વેપાર કરે છે. મહેન્દ્રભાઈના બહેન લક્ષ્મીબેન જોગણ પરણાવેલા છે. તેમનો દિકરો દીલીપ જશભાઈ તળપદા (ઉ.વ. ૨૮) રીક્ષા ચલાવતો હતો અને આંતરે દિવસે મામાને લઈને વડોદરા જઈ ફળ લઈ આવે છે. ગઈકાલે સોમવારે તા.૨૫ ના રોજ દીલીપભાઈ તળપદા તેમની રીક્ષા લઈને મામાના ઘરે પેટલાદ આવ્યો હતો અને રાત્રે સાડા બાર વાગે તે મોટા મામા મહેન્દ્રભાઈને લઈને વડોદરા ફળ લેવા જવા માટે નીકળ્યા હતા.તેઓ પરોઢીયે ત્રણ વાગે વાસદ પાસે આવેલ તારાપુર હાઈવે પરની સુંદણ ફાટક પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની આગળ લકઝરી બસ નં. એ.આર.૧ વી. ૯૩૦૦ જઈ રહી હતી. આ દરમિયાન રીક્ષાની પાછળ આવી રહેલ ટ્રકએ રીક્ષાને ટક્કર મારી એટલે રીક્ષા આગળ જતી લકઝરીને અથડાઈ આ દરમિયાન બસચાલકે બસ ઉભી રાખી હતી.

સ્થાપના ૧૯૬૬ વર્ષ ૬૦ મું
શ્રી નવયુવક સાર્વજનિક ગણેશોત્સવ મંડળ
કુબેરેશ્વર મહાદેવ, આંબાવાડી, સૈજપુર બોઘા, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૫
બ્લડ ડોનેશન કેમ્પ
રક્તદાન શીબિર
રવિવાર તા. ૩૧-૮-૨૦૨૫ સવારે ૧૦ થી ૨ દરમ્યાન
ગણેશ ચતુર્થી ઉત્સવ નિમિત્તે થેલેસીમીયા પીડીત બાળકો તેમજ ગરીબ દર્દીઓ માટે રક્તદાન શીબિરનું આયોજન કરેલ છે. તો મોટી સંખ્યામાં રક્તદાતાઓને રક્તદાન કરવા વિનંતી
-: સ્થળ :-
કુબેરેશ્વર મહાદેવ મંદિર, નરોડા રોડ, સૈજપુર બોઘા
-: આયોજક :-
શ્રી નવયુવક સાર્વજનિક ગણેશોત્સવ મંડળ

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**